આજનો સુવિચાર

દોષ કાઢવો સહેલો છે, તેને સુધારવો અઘરો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૭૨ જૂનાગઢ તા.૧૩-૩-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

'નાટુ નાટુ' અને 'એલિફન્ટ વ્હીસ્પરર્સ'ને ઓસ્કાર અવોર્ડ : દેશવાસીઓ માટે ગૌરવની ક્ષણ

RRR' ફિલ્મનાં ગીત 'નાટુ નાટુ'ને બેસ્ટ ઓરીઝનલ સોંગ કેટેગરીનો ઓસ્કાર જયારે ભારતની એલિફન્ટ વ્હીસ્પરર્સને બેસ્ટ ડોકયુમેન્ટરી શોર્ટ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ એનાયત



લોસ એન્જલસ તા. ૧૩ : ઓસ્કાર એવોર્ડ ૨૦૨૩માં ભારતે ડંકો વગાડી દીધો છે. ઓસ્કાર ૨૦૨૩માં ભારતીય ફિલ્મ **'RRR'** એ ઈતીહાસ રચી દીધો છે. રાજામૌલીની ફિલ્મ **'RRR'** ના ગીત 'નાટુ નાટુ' ને બેસ્ટ ઓરીજીનલ સોંગનો ઓસ્કાર મળ્યો છે. તેમજ ઓસ્કારમાં ભારતની શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ' એ પણ એવોર્ડ જીત્યો છે. પ્રોડયુસર ગુનીત મૌગાની આ ફિલ્મને ખૂબ વખાણવામાં આવી છે. દિપીકા પાદુકોણ આ એવોર્ડ સમારોહમાં પહોંચી હતી. દિપીકા પાદુકોણનાં લુકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. નાટુ નાટુના લાઈવ પરફોર્મન્સ પર સમગ્ર હોલીવુડ ઝુમી ઉઠયું હતું.

ઓસ્કાર એવોર્ડનાં ૯૫માં આ વર્ષે ત્રણ ભારતીય ફિલ્મો દાવેદાર હતી જેમાંથી બે ફિલ્મોએ એવોર્ડ જીત્યો છે.સાઉથ સિનેમાની ફિલ્મ **RRR'** ના ગીત 'નાટુ નાટુ' એ ઓસ્કારમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને એવોર્ડ જીત્યો છે. બેસ્ટ ઓરિજિનલ સોંગ' કેટેગરીમાં નોમિનેટ થયું હતું. આ ફિલ્મ ઉપરાંત, ડોક્યુમેન્ટરી ફિલ્મો ઓલ ધેટ બ્રેથ્સ 'બેસ્ટ ડોક્યુમેન્ટરી' કેટેગરી અને ધ એલિફન્ટ વિસ્પરર્સ 'બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ્સ' પણ નોમિનેટ થઈ હતી. આ વર્ષે આયોજિત ઓસ્કાર ૨૦૨૩માં ડોક્યુમેન્ટ્રી 'ધ એલિફન્ટ વ્હીસ્પર્સ' એ પણ 'બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ્સ' ની યાદી જીતી છે અને આ સાથે ભારતે ઓસ્કાર ૨૦૨૩માં ઈતિહાસ રચ્યો છે.

'હાઉટ આઉટ' , 'હાઉ ડુ યુ મેઝર અ યર' , 'ધ માર્થા મિશેલ ઈફેક્ટ' અને 'સ્ટ્રેન્જર એટ ધ ગેટ' જેવી ફિલ્મોને ઓસ્કાર ૨૦૨૩માં ' બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ્સ' કેટેગરીમાં શામેલ કરવામાં આવી હતી, જેમાં 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ' વિજેતા બની હતી. વાસ્તવમાં આ ફિલ્મ ભારતના ઈતિહાસમાં આ શ્રેણીમાં જીત મેળવનારી પ્રથમ ફિલ્મ બની છે.

આ ફિલ્મ ગુનીત મોંગા દ્વારા બનાવવામાં આવી છે અને તેમને જ આ પ્લેટફોર્મ પર ફિલ્મ માટે આ સન્માન મળ્યું હતું

રામ ચરણ અને જુનિયર એનટીઆર સ્ટારર એસએસ રાજામૌલીની ફિલ્મ **'RRR'** એ 'બેસ્ટ ઓરિજિનલ સોંગ' કેટેગરી જીતી હતી. આ જીત સાથે જ ફિલ્મ ક્રૂથી લઈને દેશભરના ચાહકોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ફિલ્મના આ અદ્‌ભૂત ગીત માટે એવોર્ડ લેવા આવેલા 'નાટુ નાટુ' ના મ્યુઝિક કંપોઝર એમએમ કીરાવાણીએ એવોર્ડ સમારંભના સ્ટેજ પર ગીત ગાઈને પોતાની જીતની ઉજવણી કરી હતી.

ફિલ્મ **RRR** ના ગીત 'નાટુ નાટુ'ને 'બેસ્ટ ઓરિજિનલ સોંગ' કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યું હતું, જયારે દસ્તાવેજી ફિલ્મો ઓલ ધેટ બ્રેથને 'બેસ્ટ ડોક્યુમેન્ટરી' કેટેગરીમાં અને 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ 'બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ્સ' માં નોમિનેટ કરવામાં આવી હતી. ડોક્યુમેન્ટ્રી 'ધ એલિફન્ટ વહિસ્પર્સ' એ ઓસ્કાર ૨૦૨૩માં 'બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ્સ' ની યાદી પણ જીતી છે અને આ સાથે ફિલ્મે દેશ માટે ઈતિહાસ રચ્યો છે

ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ ફિલ્મની વાર્તા બોમન અને બેલીની છે. આ ફિલ્મમાં રઘુ નામનો એક હાથીનો બાળક છે જેને તેઓ બંને ઉછેરે છે અને તેમની સાથે રહે છે. આ એક પ્રાણીસંવેદનશીલ શોર્ટ ફિલ્મ છે. આ ફિલ્મમાં એ જણાવવામાં આવ્યું છે કે મૂંગા પ્રાણીઓને લઈને માણસોએ કેટલું સતર્ક અને સંવેદનશીલ હોવું જોઈએ. બેબી એલિફન્ટ પર આધારિત આ ફિલ્મ એનિમલ અવેરનેસ પર આધારિત છે, જે નેટફિલક્સ પર જોઈ શકાય છે.

દિલ્હીથી દોહા જઈ રહેલી ઈન્ડીગોની ફલાઈટનું કરાંચીમાં ઈમરજન્સી લેન્ડીંગ

કરાંચી તા.૧૩ નવી દિલ્હીથી કતારની રાજધાની દોહા જઈ રહેલી ઈન્ડિગોની ફલાઈટ **6E-1736**ને મેડિકલ ઈમરજન્સીના કારણે પાકિસ્તાનના કરાચીમાં ડાયવર્ટ કરવામાં આવી હતી. એરલાઈન અધિકારીઓના જણાવ્યા અનુસાર, પેસેન્જરને એરપોર્ટ મેડિકલ ટીમ પાસે લાવવામાં આવ્યો ત્યાં સુધીમાં તેનું મોત થઈ ચૂક્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફલાઈટમાં સવાર એક મુસાફરની તબિયત બગડતાં ફલાઈટને કરાચીમાં લેન્ડ કરવાની ફરજ પડી હતી. ઈન્ડિગો એરલાઈનની ફલાઈટમાં મુસાફરી દરમિયાન એક પેસેન્જરની તબિયત બગડી હતી, જે બાદ પ્લેનના પાયલટે કરાચી એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલને જાણ કરી અને ઈમરજન્સી લેન્ડિંગની મંજુરી માંગી હતી. જેના પર કરાચી એર ટ્રાફિક કંટ્રોલે ફલાઈટને લેન્ડ કરવાની મંજૂરી આપી હતી.

આવતીકાલથી ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

અમદાવાદ તા.૧૩ : ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. આવતીકાલથી રાજયભરમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. રાજયના ૧૬.૪૯ લાખ વિદ્યાર્થીઓ જીવનની પહેલી બોર્ડની પરીક્ષા આપવાના છે.

તમામ વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક શાંતચિત્તે પરીક્ષા આપે. તેમજ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીની તબિયત બગડે તો મેડિકલ ટીમ તૈનાત રહેશે, પરીક્ષામાં ડિજિટલ ઘડિયાળ નહિ પહેરી શકાય, પેપર લખાઈ જાય તો પણ ૩ કલાક બેસવું પડશે, પેપર ન ફૂટે તે માટે ફુલપ્રૂફ વ્યવસ્થા કરી છે. આજે સીટ નંબર જોવા છેક ક્લાસની અંદર નહીં જવા દેવાય, બહારથીજ જોવા પડશે. જિલ્લા શિક્ષણ તંત્રએ તમામ પેપર ૧૧ જિલ્લામાં પહોંચાડી દીધા છે, તમામ પ્રશ્નપત્રો સ્ટ્રોંગરૂમમાં સીસીટીવીની નિગરાનીમાં સીલ રાખવામાં આવ્યા છે.

ઈન્ફ્લુએન્ઝાનાં કેસમાં સતત વધારો : દેશમાં ૧૧૪ દિવસ બાદ કોવિડના સૌથી વધુ કેસ નોંધાયા

નવી દિલ્હી તા. ૧૩ : એક તરફ દેશમાં **H3N2** ઈન્ફ્લ્યુએન્ઝાના કેસ સતત વધી રહ્યા છે, તો બીજી તરફ કોવિડના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, રવિવારે ૧૧૪ દિવસ પછી, એક દિવસમાં કોવિડના ૫૨૪ નવા કેસ નોંધાયા છે. અગાઉ ૧૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ૫૦૦ નવા કેસ નોંધાયા હતા. તે સાથે દેશમાં કોરોનાની સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા વધીને ૩,૬૧૮ થઈ ગઈ છે. કેરળમાં સંક્રમણને કારણે એક દર્દીના મોત બાદ કોવિડના કારણે કુલ મૃત્યુઆંક વધીને ૫,૩૦,૭૮૧ થઈ ગયો છે.

છેલ્લા સાત દિવસમાં રાજયોમાંથી બહાર આવેલા મોટાભાગના નવા કેસોમાં કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને તેલંગાણા જેવા રાજયોનો સમાવેશ થાય છે. છેલ્લા ૧૧ દિવસમાં ભારતમાં દૈનિક કોવિડ કેસોની સાપ્તાહિક સરેરાશ બમણી થઈ ગઈ છે.

ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં કાળવા ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું આપના શુભ પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૯૯૭૯૧ ૬૪૬૬૧
૮૨૦૦૬ ૯૫૦૩૩

॥ જય દ્વારકાધીશ ॥ (૧૬)

ગજાનન ઈલેક્ટ્રોનીકસ
એન્ડ મોબાઈલ એસેસરીઝ

ટીવી, ઘરઘંટી, હોમથીએટર, વોશીંગ મશીન ફ્રીઝ અને મોબાઈલ એસેસરીઝ મળશે.

એકવાર રૂબરૂ મુલાકાત અવશ્ય લેવી

લક્કી ડ્રો યોજનાનો ટુંક સમયમાં પ્રારંભ થશે...

જુના નાગરપાડા, અનંત ધર્મલયના ગેઈટની સામે, જૂનાગઢ. મો. ૮૪૯૦૮ ૧૦૧૧૧, ૭૪૩૩૮ ૮૦૯૯૯

હરસ-ભગંદર-ફીશર

• સારવાર •
• ક્ષારસુત્ર થેરાપી • લેસર થેરાપી •
• રબ્બર બેંડ થેરાપી • ઈન્જેકશન થેરાપી •
• ફાયદા •
• મળત્યાગ પરનો કંટોલ ગુમાવવો કે મળમાર્ગ સંકોચવાની શકયતા રહેતી નથી, બીજીવાર થવાની શકયતા રહેતી નથી
હોસ્પિટલમાં લાંબો સમય રોકાણ તથા સંપૂર્ણ આરામની જરૂર રહેતી નથી.

બસ સ્ટેન્ડ પાસે, હિરા-પન્ના કોમ્પ્લેક્ષ, (લીફટની સુવીધા છે) પાંચમા માળે, જૂનાગઢ. મો. ૮૦૦૦૮ ૦૮૧૦૮ ફોન : ૦૨૮૫-૨૧૩૪૫૯૨

ડો. દિવ્યેશ આર. સાકરીયા
B.A.M.S., K.A.R.D. (Mumbai)
કન્સલટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ ફરસ, ફિશર, ભગંદર અને મળમાર્ગના રોગોના નિષ્ણાંત

લીલાવંતી એનો-રેકટલ હોસ્પીટલ

સમય : સવારે ૯-૦૦ થી ૧-૦૦ • સાંજે ૫-૦૦ થી ૮-૦૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

''ગૌ માતા સંપતિ સર્વદા'' આગામી તા. ૨૪ મેથી ૨૮ મે સુધી રાજકોટના રેસકોર્ષ મેદાનમાં ગૌ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપતો અત્યાધુનિક વૈશ્વિક કક્ષાનો પ્રદર્શન-નિર્દેશન દર્શિત ''GAU TECH-2023'' મેળો

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૩

''ગૌ-માતા સંપતિ સર્વદા'' ગાયમાં અનેક ગુણધર્મો હોવાથી ગાયને સંપતિ સર્વદા પણ કહેવામાં આવે છે તેવા એક ઉમદા અભિગમ સાથે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમૃધ્ધ ભારત શ્રેષ્ઠ ભારત, ભવ્ય ભારત અને દિવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાના પવિત્ર ઉદ્દેશ્યથી આંતરરાષ્ટ્રીય સંસ્થા ''ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈન્ડસ્ટ્રીઝ(જીસીસીઆઈ)ના ઉપક્રમે ગૌ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા રાજકોટના રેસકોર્ષ મેદાનમાં આગામી તા. ૨૪ મે થી ૨૮ મે સુધી પ્રદર્શન-નિર્દેશન દર્શિત કરતો ''GAU TECH-2023''નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં જીસીસીઆઈ સરકાર અને ઉદ્યોગ સાહસિકો માટે ગૌ આધારિત ઉદ્યમિતાને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરી રહી છે. અને ગૌ ઉત્પાદનોનું ઔદ્યોગિક નિર્માણ અને તેનો માનવીય ઉપયોગ વૈશ્વિક પર્યાવરણને અનુકૂળ અને વિકાસને સુનિશ્ચિત કરે છે તેવા ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વઅધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથિરીયાએ રાજકોટ ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં પત્રકારોને આ અંગેની માહિતી આપતાં જણાવેલ હતું. ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવેલ કે, આ પ્રદર્શનમાં ૪૦૦ જેટલા સ્ટોલ રહેશે અને જેનું ભાડુ ૬૫૦૦થી સાઈઝ વાઈઝ રહેશે. સરકાર તરફથી સ્ટોલ ધારકોને ૭૫ ટકા સુધી સબસીડી મળશે. ૩૦ માર્ચ સુધી સ્ટોલ નોંધણી થશે. આ ગૌ આધારિત વસ્તુઓના પ્રદર્શનમાં ભાગ લેવા માટે વિદેશી ઉદ્યોગ સાહસિકોને પણ પ્રોત્સાહિત કરી આ ઈવેન્ટમાં ભાગ લેવા આમંત્રિત કરવાના અમારા પ્રયાસો ચાલુ છે. કાર્યક્રમ સ્થળે દરરોજ રાત્રે ગૌ પાલનનો પ્રચાર પ્રસાર કરતાં લોકડાયરા, નાટકો, નૃત્યનાટિકા જેવા ગૌપાલકોના ઉદ્દેશ્ય આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. તેમણે વધુમાં જણાવેલ કે, સ્ટાર્ટઅપ, ઈનોવવેશન, આન્ત્રપ્રિન્યોર અને ઈન્ડ. માટે નીતનવા ઉદ્યમીઓ આ બિઝનેસ-ઈન્ડસ્ટ્રીમાં રોકાણ કરે તેવા ઉદ્દેશ્યથી આ 'એકસ્પો'નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં દેશ-વિદેશમાંથી ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા ઉદ્યમીઓ તેમના સ્ટોલ્સ દ્વારા ગૌ આધારિત વસ્તુઓની ઉત્પાદકતાથી માંડીને તેમના વેંચાણ અંગેની માહિતી નિર્દેશન સાથે દર્શિત કરશે. સાથે સાથે ગૌ આધારિત વિવિધ ઉદ્યોગો માટેના સેમીનાર અને સાંજના સમયે પણ વિવિધ માધ્યમો દ્વારા ગૌ વિષયક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવશે જેથી કરીને સામાન્ય જનમાનસમાં આ ઉદ્દેશને સાકાર કરવા મનોરંજનરૂપી ગૌ-માતા આધારિત અલગ અલગ કાર્યક્રમોના વ્યંજનનું પણ સંયોજન કરી એક જાગૃતતાના પ્રયાસરૂપે નિર્ધારિત કરવામાં આવેલ છે. શ્રી કથીરિયાએ જણાવેલ કે ગૌમાતાના સંવર્ધન માટે વર્તમાન સમયમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ સાંઢો તૈયાર કરવા, સેકસ્ડ સીમેન ટેકનોલોજી વિકસાવવી, એમ્બ્રીયો ટ્રાન્સપ્લાન્ટ કરવા, સીમેન લેબોરેટરી સ્થાપવા જેવા વિવિધ ઉદ્યોગોમાં સરકારશ્રીની મદદથી પીપીપી મોડલ પર વ્યવસાયો શરૂ થયા છે, ભારતીય દેશી ગાયોના એ-૨ દૂધ અને તેના વેલ્યુ એડીશન સાથે બટર, ઘી અને છાશ તેમજ મેડીસીનલ ઘી માટે ખૂબ જ આંતતરાષ્ટ્રીય બજાર ઊભું થયું છે. ગાયના ગૌમૂત્ર અને ગોબરમાંથી ઓર્ગેનિક ફાર્મીંગ માટે બાયોપેસ્ટીસાઈડ અને બાયોફર્ટીલાઈઝર તેમજ અનેક પ્રકારની દવાઓ, વાતાવરણ શુધ્ધિ માટેના રિપેલન્ટ અને સેનીટાઈઝર્સ તથા અનેકવિધ ગૃહ ઉપયોગી કોસ્મેટીક ગોબર ઉત્પાદો દ્વારા મહિલા અને યુવાનો માટે રોજગાર સાથે એન્ત્રપ્રિન્યોરશીપની તકો ઉભી થઈ છે. ગૃહ ઉદ્યોગ, મધ્યમ કક્ષના અને વિકાળ પાયે ઉત્પાદન કરવાની ક્ષમતાવાળા કોર્પોરેટ પ્લાન્ટ માટે પણ વિવિધ સરકારી યોજનાઓ અમલમાં છે. કાઉડંગ (ગોબર)માંથી ગોબરપેઈન્ટ, પ્લાસ્ટર, કલર, બ્રીકસ, પ્લાયવુડ, ટાઈલ્સ, પેપર અને સ્મશાન માટેના લાકડાંની અવેજીમાં ગોબર લાકડી માટે વિશાળ માર્કેટ ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે.

તેમણે જણાવેલ કે, ગોબર ગૌમૂત્રમાંથી બાયોફયુલ જેવા કે, બાયોગેસ, સી.એન.જી. સીઓર, હાઈડ્રોજન ઉત્પાદન કરી ફેકટરીઓને સપ્લાય થઈ રહ્યા છે. સરકારશ્રીની બાયબેકની યોજના પણ અમલમાં છે એ જ રીતે 'કાઉ હોસ્ટેલ' એન.જી.ઓ અથવા સહકારી ધોરણે મોટા પ્રમાણમાં શરૂ કરી ઘેર ઘેર ગાયના કન્સેપ્ટને અલગ રીતે વિસ્તારી પ્રોફેશનલ સર્વિસીઝ દ્વારા કમાણી શરૂ થઈ ગઈ છે. ગૌ આધારિત ઉદ્યોગો માટે મોટાપાયે જરૂરી મશીનરી મેન્યુફેકચરીંગ માટે ખુબ જ તકો રહેલી હોવાનું તેમણે કહ્યું હતું.

આ અંગેની માહિતી આપતી વેળાએ પત્રકારોએ રાજકોટમાં રખડતા ઢોરનો ત્રાસ અને તેનાથી સર્જાતી સમસ્યા-મુશ્કેલી-નુકશાન અંગે પત્રકારોએ ઉપરાછાપરી સવાલોની છડી પોકારતો મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે, જયારે તમે આયોગમાં હતાં ત્યારે રખડતા ઢોર બાબતોની સમસ્યા નિવારવા શું કામગીરી કરી ?, આપનું રખડતા ઢોરની સમસ્યાનું નિરાકારણ લાવવા માટે આપની પાસે કઈ યોજના છે..? તેના જવાબમાં શ્રી કથીરિયાએ જણાવેલ કે, ગાયોના મહિમા વિશે લોકોને અવગત-જાગૃતિ વધતા રખડતા ઢોરની સમસ્યા હલ થઈ જશે. આ પ્રદર્શન-સંમેલનથી માલધારીઓમાં અવરનેશ આવશે અને આવતા બેક વર્ષમાં લોકો રખડતા ઢોરને રખડતા અટકાવી પોતાને ત્યાં જ તેની ઘાસ-ચારાથી લઈને પરવરીશ કરે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

રખડતા ઢોરને કારણે બનતા અનિઈચ્છનીય બનાવો, એ આપણી કમનસીબી છે પણ પાલકોને સમજાવવા, કોર્પોરેશન કાયદાકીય કાર્યવાહી કરી ઢોર પકડે, તેમજ જે ઢોરના માલિક ન હોય તેવા રખડતા ઢોરો માટે પાંજરાપોળ જેવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. હું જયારે આયોગમાં હતો ત્યારે આ અંગેના અનેક પ્રશ્નોને યોગ્ય કરવા માટે સેમીનારો કર્યા હતાં અને હજુ પણ સમયાંતરે માલધારીઓ અને લોકોના ગાય આધારિત ખેતી-ગાયના ગોબરમાંથી બનતી અનેક વસ્તુઓ બને છે તેનો પ્રચાર-પ્રસાર કરી નાનાથી માંડી મોટા પશુપાલકોને રોજગારી મળી રહે તેવા મારા અવિરત અથાક પ્રયાસો ચાલુ રહેશે !!? તેમણે જણાવેલ કે, લોકોને ગાયોના મહિમાની સમજનું સંવર્ધન જેમ જેમ થશે તેમ તેમ રખડતા ઢોરને રસ્તે રઝળતા મુકવાને બદલે તેની દેખભાળમાં સંવેદના સાથેની વધુ જાગૃતિ આવશે અને ગાયો આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન અને જાગૃતિ લાવવાનો અમારો આ દિશમાં અગ્રીમ સમર્થનરૂપી પ્રયાસ રહેશે.

''શહેરી વિસ્તારમાં રખડતા ઢોરને અટકાવવા શહેરના સીમ વિસ્તારમાં ગૌચરની જમીન ફાળવવાનું નિર્ધારિત થાય તો શહેરી પશુપાલકો પશુઓના નિભાવ ખર્ચમાં આપોઆપ વધારો પણ થઈ શકે અને ગૌ પાલકો ગૌ આધારિત વસ્તુઓની ઉત્પાદકતામાંથી સંપતિ સર્વદા વિકસીત બનશે અને વહીવટી-સરકારી તંત્રની લોકસમસ્યાનાં રોજબરોજના ઉદ્ભવતા 'રખડતા ઢોર' અંગેની સમસ્યા-મુશ્કેલી-નુકશાનનું આપોઆપ નિરાકરણ આવી શકે છે'' તેવા સવાલના જવાબમાં કથીરિયાએ જણાવેલ કે, ગ્રામ્ય અને જિલ્લાના નાના શહેરી વિસ્તારોમાં આ જગ્યાઓ ઉપલબ્ધ છે તેવું તેમણે જણાવેલ.

પરંતુ આ જગ્યાઓ જો ગ્રામ્ય અને જિલ્લાના નાના શહેરી વિસ્તારો પુરતી જ માત્ર સમિત ન રહે અને મોટા શહેરી વિસ્તારોમાં પણ તેનું વિસ્તરણ કરાય, તો ગૌ પાલકોનાં પશુધનમાં 'દૂધની ઘનતા'માં અને ગાયનું પંચગવ્ય શ્રેષ્ઠ આયુર્વેદ ઔષધીમાં પર્યાપ્ત ઔષધી તત્વમાં તેમજ અન્ય વસ્તુઓની ઉત્પાદકતામાં પણ વધારો થશે ત્યારે ખરા અર્થમાં ''ગૌમાતા સર્વદા સંપતિ સર્જતા'' બની રહેશે. તેમજ ઉપરોક્ત તમામ સમસ્યાનું સમાધાન મળી રહેશે..!!!

ચેમ્બર ઓફ કોમર્સના વી.પી. વૈષ્ણવે જણાવેલ કે, આપ સૌએ જે રખડતા ઢોરનાં પ્રશ્નોની છડી પોકારેલ છે તેની પછેડી પકડવા-(ઓઢવા).....! એટલે કે તેનું કોઈ હજુ સુધી નક્કર કે યોગ્ય નિરાકરણ આવેલ નથી તે સ્વીકાર્ય છે એટલે કે સમસ્યા યથાવત રહી છે. આ અંગે કોર્પોરેશને વધુ કડકપગલા લેવાની અતિઆવશ્યકતા છે. તેમણે જણાવેલ કે, પકડેલા ઢોરને માટે રેલ્વેની બંને તરફ જયાં જગ્યા હોય ત્યાં વ્યવસ્થા કરવી જોઈએ. (ટ્રેનથી થતાં ઢોરના અકસ્માત રહિત).

તેમણે વધુમાં જણાવેલ કે હાલ ગૌશાળામાં ઢોર દીઠ દૈનિક રૂા. ૩૦ સરકારી સહાય મળે છે જે બહુ જ (દીન..!!)છે તેમાં વધારો કરવો જોઈએ કારણ કે એક પશુને નિભાવવાનો ચલવવા માટેનો દૈનિક ખર્ચ રૂા.૧૨૦ થી રૂા.૧૩૦ જેટલો ન્યુનતમ થાય છે ત્યારે સરકારે આ ખર્ચમાં રૂા.૧૦૦નો ઉંમેરો કરવો જોઈએ.

પ્રાકૃતિક ખેતી અંગે પ્રોત્સાહન આપવા જણાવેલ કે, ખેડૂતને પ્રારંભિકતબક્કે તેની ઉપજનાં પ્રમાણમાં સબસીડી આપવી જોઈએ, રાજકોટમાં ગૌ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું આયોજન થયું છે. તેમાં ચેમ્બર સાથે રહેશે. શહેરમાં રખડતા ઢોરનું નિવારણ લાવવા માટે તમામ પ્રકારનાં આવરણનું નિરાકરણ લાવવા માટેના પ્રયત્નોને પ્રાધાન્ય આપવું જોઈએ.

પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે જણાવેલ કે, રાસાયણિક ખાતરના ઉપયોગથી થતું નુકશાન નિવારવા પ્રાકૃતિક ખેતી તરફ વળવાની તરફેણ કરેલ, ત્યારે પત્રકારે પ્રશ્ન કરેલ કે જો રાસાયણીક ખાતરનાં ઉપયોગથી નુકશાન થતું હોય તો તેના ઉપર પાબંધી શા માટે નહીં...? ત્યારે તેના પ્રત્યુત્તરમાં ગોવિંદભાઈએ જણાવેલ કે, પ્રાકૃતિક ખેતીનું પ્રમાણ વધતા તે આપોઆપ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાનું ઓછું થઈ જશે અને ખેડૂતો ગૌ આધારિત ખાતર પર ફરી વળશે. કારણ કે, ગૌ આધારિત ખાતરોથી ખેત ઉત્પાદનમાં પણ વધારો થશે અને ખેડૂતોને ખેતપેદાશોના ભાવો પણ માંગમુજબના મળી રહેશે.

ગૌ ઉદ્યોગ સાહસિક રમેશભાઈ રૂપારેલીયાએ જણાવ્યું હતું કે, ગાયનું પંચગવ્ય શ્રેષ્ઠ આયુર્વેદ ઔષધી છે. ગાય હરતું ફરતું ઔષધાલય છે. આયુર્વેદ ક્ષેત્રના વિકાસ સાથે તમામ મંત્રાલયોને જોડીને આયુર્વેદમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકીએ છીએ. વિવિધ આયુર્વેદ ફાર્મા કંપનીઓને પશુઓ માટે પશુ આયુર્વેદ દવાના મેન્યુફેકચરીંગ માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. આ અંગે લઘુ ભારતીના અગ્રણી હંસરાજભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, એમએસએમઈ ઉદ્યોગ અને માર્કેટિંગ માટેનું પ્લેટફોર્મ છે. પશુપાલન મંત્રાલય, કૃષિ મંત્રાલય, આરોગ્ય મંત્રાલય વગેરેની પોતપોતાની યોજનાઓ છે, જેનો લાભ યુવા અને મહિલા સાહસિકોએ ગૌ પાલન અને ગૌ ઉદ્યમિતા જોડાઈને લેવો જોઈએ.

GAU TECH-2023ની વિશેષ માહિતી આપતા જીસીસીઆઈના પુરીશકુમારે જણાવેલ કે, આ એક્સ્પો દ્વારા વર્તમાન ''નેચરલ ફાર્મીંગ'' ઝુંબેશ વેગવાન બનશે. ખેડૂતો સમૃધ્ધ બનશે. સમાજ સ્વસ્થ બનશે. કેન્દ્ર અને રાજયો મળી બધી સરકારો દ્વારા વિવિધ યોજનાઓ કાર્યરત છે, આપણી દેશી ગાય, ગૌ સેવા, ગૌ સંરક્ષણ, ગોપાલન, ગોસંવર્ધન, ગૌ ઉત્પાદન, ગૌ ઉર્જા, ગૌ પ્રવાસન, સજીન ખેતી જેવા અનેક વિષયો પર ભારત સરકારના વિવિધ વિભાગો અને રાજય સરકારો દ્વારા અનુદાન, લોન, સબસિડી અને પ્રચારાત્મક યોજનાઓ વિષે વિગતવાર માહિતી આ એકસપોમાં આપવામાં આવશે.

આ અંગે ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સલાહકાર મિતલ ખેતાણીએ જણાવેલ કે, ગૌશાળા-પાંજરાપોળોમાં ઉપલબ્ધ ગૌવંશના ગૌમૂત્ર-ગોબર રો મટીરીયલ તરીકે સહેલાઈથી ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ઉદ્યોગો માટે કરવાથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કલીન ઈન્ડીયા, હેલ્થી ઈન્ડીયા, ગ્રીન ઈન્ડીયા, ડીજીટલ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયાના વિઝનને પુષ્ટિ મળશે. ગૌશાળાઓ આત્મનિર્ભર બનશે, યુવા અને મહિલાઓને રોજગારી મળશે. ડિજીટલ માર્કેટીંગ અને આઉટલેટ દ્વારા માર્કેટીંગ ઉપલબ્ધ કરાવી, એકસપોર્ટ-ઈમ્પોર્ટ દ્વારા કમાણી કરી શકાય છે. છતાં પર્યાવરણ રક્ષા થશે. આવા અનેકવિધ નવા ઉદ્યોગો માટે વિશાળ તકો ગૌ આધારિત અર્થતંત્રને મજબૂત કરવામાં સહાયભૂત થાય તેમ છે. સરકાર અને સમાજ સાથે જોડાઈને 'ગૌરક્ષા'ને વિસ્તૃત અર્થમાં સાકાર કરવા સાથે ભારત વર્ષને સમૃધ્ધ અને સંપન્ન બનાવી શકાશે અને દેશના અર્થતંત્રને ફાઈવ ટ્રીલીયન ઈકોનોમી સુધી લઈ જવા અને ગ્રીન ઈકોનોમીને પ્રોત્સાહિત કરવામાં આ પ્રકલ્પો સબળ માધ્યમ પુરવાર થશે. જીટુબી અને બીટુબીના માધ્યમથી ઈન્વેસ્ટર્સ અને નાના ગોપાલકો, ગૌશાળાઓ, પાંજરાપોળોને અરસપરસ જોડાણની તકો ઉપલબ્ધ થશે.

ગૌ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા અગ્રણી ઉદ્યોગપતિ ગણેશભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, રાજકોટ નાના ઉદ્યોગોનું હબ છે. ગૌ આધારિત ઉદ્યોગો માટેની અનેક મશીનરી અહીં બને છે. નવા સાહસિકો આગળ આવશે, આમ કાઉ બેઈઝડ એમએસએમઈ મશીનરી માટે મોટી તકોનું નિર્માણ થશે. તેમણે જણાવેલ કે, ગાય એટલે કે ફકત દૂધ જ નહીં પણ જીવે ત્યાં સુધી ગોબર ગૌમૂત્રના માધ્યમથી આર્થિક ઉપાર્જનનું માધ્યમ છે જ અને ગાય એટલે ગૌવંશ જેના વાછરડા-વાછરડી, બળદ, સાંઢ, વૃધ્ધ ગૌવંશ અને તેમના ગોબર-ગૌમૂત્ર જીવન પર્યંત ઉપલબ્ધ થાય જ છે. ગૌમૂત્ર-ગોબરની ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહિત કરવાથી રખડતા ગૌવંશની સમસ્યા હલ થઈ જશે.

લાયન્સ કલબના પૂર્વ ગવર્નર રમેશભાઈ ટીલારાએ જણાવ્યું હતું કે, વૈશ્વિક કંપનીઓ, વિવિધ ઈન્ડસ્ટ્રીઝ, એનજીઓ, સામાજીક સંસ્થાઓ તેમજ સરકારી સેકટરો પોતાની પ્રોડકટ અને સર્વિસની માહિતી લોકોને આપી શકે તે માટે ૪૦૦થી વધુ સ્ટોલ તેમજ વિવિધ પેવેલીયન ઉપરાંત પ્રોડકટ ડિસ્પ્લે માટેની સ્પેસ અને પ્રદર્શન આ એકસ્પોમાં રાખવામાં આવેલ છે, ઉનાળાને ધ્યાનમાં રાખી એ.સી. ડોમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં સરકારના એમએસએમઈ ડીપાર્ટમેન્ટમાંથી સ્ટોલ ધારકોને સબસીડી પણ મળશે. ખાસ કરીને સમગ્ર ગુજરાત જ નહિ પરંતુ આ એકસ્પોની મુલાકાત માટે પુરા ભારતમાંથી અનેક મુલાકાતીઓ, ગૌ ઉદ્યમીઓ, ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો, વૈજ્ઞાનિકો, ટેકનોક્રેટસ આવી શકે એ માટે જીસીસીઆઈની ટીમ કાર્યરત છે. સમગ્ર ઈવેન્ટનું મેનેજમેન્ટ કન્સલટન્ટ તરીકે એડકેકસ ઈવેન્ટ અને એકઝીબીશન તથા સંલગ્ન કંપની એડેકસ ગ્રાફીકસ અને મીડીયા પ્રમોશન માટે એડેકસ મીડીયા લિંકસ દ્વારા કરવામાં આવેલ છે. 'ગૌ-ટેક-૨૦૨૩''માં સૌ સંલગ્નોને સહભાગી બનવા અનુરોધ કરેલ છે. વિશેષ માહિતી માટે ધર્મેશભાઈ રાઠોડ મો. ૯૭૧૨૬૭૭૯૨૨, શ્રી ચિંતનભાઈ ભટ્ટ ૯૮૯૮૦૭૪૬૭૪, હંસરાજભાઈ ગજેરા ૯૪૨૬૨૧૬૨૭૭, મિતલભાઈ ખેતાણી ૯૮૨૪૨૨૧૯૯૯ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે. આ પત્રકાર પરિષદમાં ડો. વલ્લભભાઈ કથીરિયા, ગોવિંદભાઈ પટેલ, હંસરાજભાઈ ગજેરા, વી.પી. વૈષ્ણવ, રમેશ રૂપારેલીયા, મિતલ ખેતાણી, ધીરૂભાઈ કાનાબાર, લાખાભાઈ સાગઠીયા, ધનસુખભાઈ વોરા, ડો. પ્રદીપ કણસાગરા, બાવનજીભાઈ મેતલીયા, ભાનુભાઈ મહેતા, દિલીપ સખીયા, ગીરીશભાઈ દેવળીયા, પ્રભાત ડાંગર, અરૂણ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

કોડીનારમાં દારૂની રેડ કરવા ગયેલ પોલીસ પાર્ટી ઉપર કુખ્યાત બુટલેગર અને તેના સાગરીતો દ્વારા જીવલેણ હુમલો

(મુગલઅલ્તાફ દ્વારા) કોડીનાર તા.૧૩

કોડીનારમાં કુખ્યાત બુટલેગર અને વર્ષોથી સમગ્ર તાલુકામાં દારૂ નો એકચક્રી શાસન કરનાર કુખ્યાત બુટલેગરને ત્યાં કોડીનાર પોલીસ દરોડો કરવા જતા કુખ્યાત બુટલેગર અને તેના પરિવાર અને સાગરીતો દ્વારા પોલીસ પાર્ટી ઉપર જીવલેણ હુમલો કરતા પી.આઈ.સહિત ત્રણ પોલીસ જવાનને ઈજા પહોંચતા ચકચાર મચી છે. આ ઘટનાની વિગત મુજબ કોડીનારમાં આવેલ જીન પ્લોટ સરગમ ચોક સ્થિત વિસ્તારમાં વર્ષોથી દેશી દારૂના ધંધા સાથે સંકળાયેલ અને સમગ્ર વિસ્તારમાં દારૂની રેલમછેલ કરતા મુળજી અને તેનો પરીવાર મોટાપાયે દેશી દારૂ નો ધંધો કરતા હોય આ કુખ્યાત શખ્સને ત્યાં કોડીનાર પોલીસે આજે સાંજના સમયે રેડ કરવા જતા કુખ્યાત બુટલેગર તથા તેમના પરિવારએ કોડીનાર પોલીસ ઉપર જીવલેણ હુમલો કરતા આ હુમલામાં પી.આઈ.આર.એ.ભોજાણી સહિત બે પોલીસ કોન્સ્ટેબલને ઈજા પહોંચાડી હતી. જેમાં પોલીસ કોન્સ્ટેબલ શૈલષભાઈ વાળાને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે અન્ય કોન્સ. હિતેશભાઈ અને પી.આઈ. આર.એ.ભોજાણીને હાથના ભાગે ઈજા થતાં તમામને કોડીનાર રા.ના.વાળા હોસ્પિટલ ખાતે સારવાર માં ખસેડ્યા હતા. તેમજ પોલીસ પી.સી.આર. વેન ઉપર હુમલો કરી ગાડીના કાચ તોડી નુકશાન કરવામાં આવ્યું હતું. કોડીનારમાં દારૂના દૂષણ સામે ઉઠેલી વ્યાપક ફરિયાદોને અનુલક્ષીને કોડીનારના નવ નિયુકત પી.આઈ. આર.એ.ભોજાણી દ્વારા છેલ્લા ૧૫ દિવસથી કોડીનાર તાલુકામાં દારૂના ધંધાર્થીઓ ઉપર ધોસ બોલાવવામાં આવી રહી હોય તે અનુલક્ષી આજે કુખ્યાત બુટલેગર અને વર્ષોથી દેશી દારૂનો અડ્ડો જમાવીને બેઠેલા શખ્સની ત્યાં રેડ પાડવા જતા કુખ્યાત બુટલેગરે તેમના પરિવાર સાથે મળી કોડીનાર પોલીસ પાર્ટી ઉપર આયોજન બધ્ધ જીવલેણ હુમલો કરતા ચકચાર મચી છે.

યાત્રાધામ બેટ દ્વારકા તેમજ હર્ષદની જેમ યાત્રાધામ દ્વારકા જગત મંદિર આસપાસ ગેરકાયદે બાંધકામો, દબાણો દૂર ક્યારે કરાશે

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૩

યાત્રાધામ દ્વારકામાં આવેલ જગવિખ્યાત દ્વારકાધીશ જગત મંદિર આસપાસ ગેરકાયદેસર બાંધકામો તેમજ દબાણો દૂર કરવા તંત્ર તેની રાહ જોઈ રહ્યું છે ? જગત મંદિર આસપાસ છેલ્લા કેટલાક સમયથી તંત્રની મિઠી નજર હેઠળ ગેરકાયદે બાંધકામો થઈ ગયેલ હોય જગત મંદિર ચો તરફ મોટી બિલ્ડીંગોથી ઘેરાયેલું હોય ગેરકાયદે બે રોકટોક બાંધકામો તેમજ દબાણોનો રાફડો ફાટ્યો છે. તાજેતરમાં યાત્રાબેટ દ્વારકા ત્યારબાદ હાલ ચાલી રહેલ હર્ષદ ગામે સયુક્ત સરકારી તંત્ર દ્વારા બુલડોઝર દ્વારા મેઘા ડિમોલેશન ચલાવી રહ્યા છે. દ્વારકા શહેરમાં તેમજ દરિયાઈ પટ્ટી નજીકના હાઈવે દ્વારકાથી કરી વરવાળા સુધીના રસ્તાઓ ઉપર અસંખ્યાબંધ સરકારી જગ્યાઓ ઉપર દબાણો થયેલ નજરે પડે છે. તેમજ જગત મંદિર આસપાસ પણ અસંખ્યાબંધ બાંધકામો અને દબાણો લાંબા સમયથી હોવા છતાં દબાણો હટાવા તંત્ર આળશ મેળવી રહ્યું છે. જગમંદિર આસપાસ ગેરકાયદે બાંધકામો દબાણો હોવાથી દેવસ્થાન સમિતીના ઉપાધ્યક્ષે ટ્વીટ કરી સરકારને જાણ કરી હોવા છતા જગત મંદિર આસપાસના બાંધકામો દબાણો હટાવવા આજદિન સુધી સરકારી તંત્રએ કાર્યવાહી કરી નથી.

ભાણવડના રહેણાંક મકાનમાં ખાતર પાડતા તસ્કરો : રૂા. ૫.૮૪ લાખના મુદ્દામાલની ચોરી

જામ ખંભાળિયા તા.૧૩ : ભાણવડમાં રહેતા એક પરિવારના મકાનમાં શનિવારે રાત્રિના સમયે તસ્કરોએ ખાબકી આ મકાનમાં રાખવામાં આવેલા સોનાના દાગીના તેમજ રૂપિયા ૬૦ હજારની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૫.૮૪ લાખની માલ-મત્તા ઉસેડી ગયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણની ભાણવડ પોલીસ દફતરમાં જાહેર થયેલી વિગત મુજબ ભાણવડ તાલુકાના મોટા કાલાવડ ગામના મૂળ વતની અને હાલ ભાણવડની ઓમકાર ગ્રીન ગાર્ડન સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા તથા ખાનગી ક્લિનિક ચલાવતા નગાભાઈ ઉર્ફે નયનભાઈ દેવાણંદભાઈ રાવલીયા નામના ૩૩ વર્ષના આહિર યુવાન ગત તા. ૧૧ મી ના રોજ રાત્રિના સમયે વાળુ-પાણી કરીને સુતા હતા. ત્યાર બાદ રાત્રિના ત્રણથી રવિવારે સવારે છ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. આ મકાનના રસોડાના બંધ દરવાજાનો આગરીઓ તોડી અને પ્રવેશેલા તસ્કરોએ તેમના મકાનમાં રહેલા લાકડાનો કબાટ ખોલી તેમાં રાખવામાં આવેલા કપડાં વિગેરે વેરવિખેર કરી નાખ્યા હતા.

વેરાવળમાં ફીશના વેપારીએ માલ લેવા એડવાન્સ આપેલ રકમ અંગે છેતરપીંડી કરનાર શખ્સને કોર્ટે બે વર્ષની સજા અને દોઢી રકમનું વળતર ચુકવવા હુકમ કર્યો

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૧૩

વેરાવળમાં વેપારીએ ફીશનો માલ લેવા માટે એક શખ્સને રૂા.૩.૧૫ લાખની રકમ એડવાન્સ પેટે આપી હતી. તેમ છતાં માલ આપેલ નહીં અને બાદમાં એડવાન્સ લીધેલ રકમ વેપારીને પરત આપવા માટે ચેક આપેલ જે રીટર્ન થયો હતો. જે અંગે વેપારીએ ચેક રીટર્નની ફરીયાદ કરતા કોર્ટે આરોપી શખ્સને બે વર્ષની સજા અને ચેકની દોઢી રકમનું વળતર ચુકવવા હુકમ કરેલ છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળના ફીશ વેપારી ફારૂકભાઈ ઈસ્માઈલભાઈ સુમરાએ મચ્છીનો માલ લેવા માટે વિજય ધનસુખ વાજાને એડવાન્સ પેટે રૂા.૩.૧૫ લાખની રકમ આપી હતી. ત્યારબાદ ઘણા સમય સુધી મચ્છીનો માલ આપેલ નહીં જેથી ફારૂકભાઈ એડવાન્સ રકમ પરત માંગતા વિજયએ ચેક આપેલ જે બેંકમાંથી રીટર્ન થયો હતો. જેને લઈ વેપારી ફારૂકભાઈએ પોતાના એડવોકેટ મારફત વેરાવળની બીજા જ્યુડી મેજી.ફર્સ્ટ કલાસ કોર્ટમાં કેસ કરેલ હતો. જે કેસમાં વેપારીના એડવોકેટ જી.પી.ચાવડાએ લેખીત-મૌખિક પુરાવાઓ રજુ કરવાની સાથે આરોપીના કારણે વેપારી આર્થીક અને શારીરીક રીતે મુશ્કેલીમાં મુકાયેલ જેવી ધારદાર દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ કોર્ટે આરોપી વિજય વાજાને તક્ષીરવાન ઠેરવીને બે વર્ષની કેદની સજા અને ચેકની દોઢી રકમનું વેપારીને વળતર ચુકવવા હુકમ કરેલ છે અને વળતર ન ચુકવે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ કરેલ છે.

કોડીનાર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આગ લાગતાં બે કેબિન માલસામાન સાથે બળીને ખાખ

(મુગલઅલ્તાફ દ્વારા) કોડીનાર તા.૧૩





કોડીનાર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આગ લાગતા બે કેબિન માલસામાન સાથે બળીને ખાખ થવાની ઘટના બની હતી. જોકે આ ઘટનાની જાણ થતાં કોડીનાર પાલિકા ફાયરની ટીમે ઘટના સ્થળે પહોંચી ફાયર ફાઈટરથી તાત્કાલિક આગ ઉપર કાબુ મેળવ્યો હતો. બનાવની વિગત જોઈએ તો કોડીનાર બસ સ્ટેન્ડના ડીઝલ પંપની પાછળના ભાગે બપોરના સમયે ઓચિંતી આગ લાગતા પવનની દિશાને કારણે આગે પૂર્વ તરફ વધારે ફેલાવો કરતા બસ સ્ટેન્ડની બાઉન્ડ્રી દીવાલને અડીને રેકડી રાખી ફરસાણ અને સાયકલનો ધંધો કરતા બે કેબિન ધારકોની કેબિન અને માલ સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. જોકે આ આગની જાણ કોડીનાર નગરપાલિકા ફાયર વિભાગને થતા નગરપાલિકા ફાયરની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે જઈ ફાયર ફાઈટરથી આ વિકરાળ આગને ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી.

ખંભાળિયા : પઠાણી વ્યાજ વસૂલ કરતા ફરિયાદ

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાના દ્વારકા ગેઈટ વિસ્તારમાં રહેતા વેપારી પુત્ર એવા કિશનભાઈ હિતેશભાઈ ભૂત નામના ૨૫ વર્ષના યુવાન દ્વારા અત્રે દાલમિયા ગ્રાઉન્ડની પાછળ રહેતા શક્તિસિંહ અનોપસિંહ વાઢેર સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે નવેમ્બર ૨૦૧૯માં કિશને શક્તિસિંહ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ની રકમ પાંચ ટકા વ્યાજના દરથી લીધી હતી. બાદમાં અનુક્રમે રૂા.૧૦,૦૦૦, ૪૦,૦૦૦ તેમજ રૂપિયા ૨૫,૦૦૦ મળી, કુલ રૂપિયા ૧.૦૫ લાખની રકમ તેણે વ્યાજે લીધી હતી. જેના માસિક ૧૩ ટકા લેખે શક્તિસિંહને વ્યાજ ચૂકવવામાં આવતું હોવાનું તેણે પોલીસ ફરિયાદમાં જાહેર કર્યું છે. આ દરમિયાન કિશનભાઈ દ્વારા શક્તિસિંહ તથા તેના પત્નીના ખાતામાં યુપીઆઈ, ગુગલ-પેથી વ્યાજ ચૂકવવામાં આવતું હતું. આટલું જ નહીં, ટુ-વ્હીલર ગીરવે મૂક્યા પછી પણ તેણે કટકે કટકે રૂપિયા ૨,૦૧,૭૦૦ ની રકમ ચૂકવી દીધી હતી. તેમ છતાં પણ શક્તિસિંહ દ્વારા તેના માતા-પિતા પાસે જઈ અને ધાક-ધમકી આપી, "તમારા એકના એક દીકરાને મારી નાખીશ. બળજબરી પૂર્વક મકાન પડાવી લઈશ"- તેમ કહી એડવોકેટ પાસે તેણે રૂપિયા ૧.૭૦ લાખ હાથ ઉછીના લીધાનું બળજબરીપૂર્વક લખાણ લખાવી અને બે કોરા ચેક મેળવી લીધા હતા. આમ, તોતિંગ વ્યાજની ઉઘરાણી કરી, મોટી રકમના ચેક બાઉન્સ કરાવી કોર્ટમાં કેસ કરવાની ધમકી આપવાના આ સમગ્ર પ્રકરણ સંદર્ભે ખંભાળિયા પોલીસે કિશનભાઈ ભૂતની ફરિયાદ ઉપરથી ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

જૂનાગઢ જીલ્લા સહકારી સંઘ દ્વારા યુ.કે.વાછાણી મહિલા કોલેજ, કેશોદમાં સેમિનાર યોજાયો

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજીત યુ.કે.વાછાણી મહિલા કોલેજ, કેશોદના યજમાન પદે "વિશ્વ મહિલા દિન", "આઝાદીના અમૃત મહોત્સવ" "જી-૨૦" અને "ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટ્સ" ચારેય વિષયને આવરી લઈ સેમિનાર યોજાયો. સેમિનારના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રિન્સિપાલ કગથરિયા, મુખ્ય મહેમાન વક્તા જી-૨૦ અને સહકારે સમૃદ્ધિ અને આઝાદીનો અમૃત મહોત્સવ વિષય ઉપર સંઘના એક્ઝિકયુટિવ ઓફિસર શ્રી ઠાકર તથા ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટ્સ વિષય અંતર્ગત મુખ્ય વક્તા કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞ શ્રી ગોહિલ તેમજ મહિલા દિન અને સહકારી પ્રવૃત્તિમાં મહિલાઓની ભાગીદારી વિષયના મુખ્ય વક્તા મહિલા સી.ઈ.આઈ. અવનીબેન ઠાકરે વિદ્યાર્થીનીઓને વિષય અનુસાર માહિતી માર્ગદર્શન આપેલ. તેમજ સેમિનાર ઉદઘોષક તરીકે પ્રોફેસર ડો.ઉષાબેન ઉપસ્થિત રહેલ. આ સેમીનારમાં આશરે ૨૦૦ જેટલી વિદ્યાર્થીબહેનોએ ભાગ લીધો હતો.

નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વ્યાજ સહાયની યોજના

જૂનાગઢ જીલ્લામાં વર્ષ ૨૦૨૨ દરમ્યાન ૧૨૮ એકમોની અરજી મંજૂર, રાજ્ય સરકાર દ્વારા કુલ રૂા.૨૫૪.૩૨ લાખની સહાય ચૂકવાઈ

MSMEને પ્રોત્સાહન માટે ધિરાણના ૨૫ ટકા સુધીની કેપિટલ સબસિડી આપવાની જોગવાઈ; સહાયની મહત્તમ મર્યાદા રૂા.૩૫ લાખ

જૂનાગઢ, તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને ઊર્જાવાન બનાવવા માટે વર્ષ ૨૦૨૦માં ગુજરાતની નવી ઉદ્યોગ નીતિ જાહેર કરવામાં આવી હતી. જેમાં રાજ્યના નવા ઉદ્યોગો માટે જમીન, સબસિડી તેમજ મધ્યમ, નાના અને સૂક્ષ્મ કદના ઉદ્યોગોને રાહત આપતી કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. આ યોજનાની જ એક મહત્વપૂર્ણ કડી છે - MSME એટલે કે મધ્યમ, નાના અને સૂક્ષ્મ કદના ઉદ્યોગો માટે વ્યાજ સહાયની યોજના. આ યોજનાના પરિણામે આજે રાજ્યમાં સ્જીસ્ઈ એકમો સાથે રોજગારીની તકોમાં ખૂબ જ વધારો થયો છે.

MSME એકમોને વ્યાજ સહાયની યોજનાથી પ્રેરાઈને ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૨ દરમ્યાન આ યોજનાનો લાભ મેળવવા માટે કુલ ૧૯૭ અરજીઓ મળી હોવાની વિગતો આજે વિધાનસભા ગૃહ ખાતે રજૂ કરવામાં આવી હતી. આ અરજીઓ પૈકી ૧૨૮ એકમની અરજીઓને મંજૂરી આપી રાજ્ય સરકાર દ્વારા વર્ષ દરમ્યાન કુલ રૂા.૨૫૪.૩૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા નવી ઉદ્યોગ નીતિ – ૨૦૨૦ અંતર્ગત મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગો એટલે કે MSMEને પ્રોત્સાહન આપવા માટે ધિરાણના ૨૫ ટકા સુધીની કેપિટલ સબસિડી મળવાપાત્ર છે, જેની મહત્તમ મર્યાદા રૂા.૩૫ લાખ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને વિદેશી ટેક્નોલોજી મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ નીતિમાં હેતુ માટે થયેલા કુલ ખર્ચના ૬૫ ટકા સુધીની સહાયની પણ જોગવાઈ કરવામાં આવેલી છે, જેની મહત્તમ મર્યાદા રૂા.૫૦ લાખ નક્કી કરવામાં આવી છે.

સોરઠના રત્ન કલાકારોની સ્લીપર એસી.કોચ બસની માંગણી અંતર્ગત ધારાસભ્ય જૂનાગઢ રજૂઆત બાદ સેવાનો પ્રારંભ

જૂનાગઢ, તા.૧૩

સોરઠ અને સુરતને રત્ન કલાકારોને વતનમાં આવવા માટે જૂનાગઢ-ભેંસાણ, વિસાવદર, માણાવદર અનેક તાલુકાના યુવાનો હીરાના ઉદ્યોગ સાથે સુરતમાં જોડાયેલા છે ત્યારે આવા યુવાનોને વતનમાં લગ્ન પ્રસંગ સાર માઠા પ્રસંગ દીવાળી કે ઉનાળુ વેકેશનમાં વતન આવવા માટે ભારે હેરાન ગતિનો સામનો કરવો પડતો હતો. ખાનગી બસમાં વધારે નાણાં ચુકવીને હેરાન થઈને આવું પડતું હતું. જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ રજૂઆત કરતા વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને વિભાગીય નિયામક એસ.ટી.કચેરી જૂનાગઢ મારફત યોગ્ય રીતે રજૂઆત કરતા જૂનાગઢ આવવા માટે દિવસે સમયનો બગાડ ન થાય તે રીતે રાત્રીની મુસાફરીમાં અનુકુળ આવે તેવી ૧૧ માર્ચ જૂનાગઢથી સુરત અને સુરતથી જૂનાગઢ વચ્ચે નવી એસી.સ્લીપર બસ સેવાનો એસ.ટી વિભાગ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યુ છે. આ બસ જૂનાગઢથી દરરોજ સાંજના ૨૦:૩૦ વાગ્યે ઉપડસે અને સવારે ૭.૧૦ મીનીટે સુરત પહોચશે જયારે સુરતથી રાત્રીના ૧૯:૦૦ વાગ્યે ઉપડીને સવારે ૫:૪૦ જૂનાગઢ પહોચશે. વાયા તારાપુર ચોકડીથી સુરત જશે. આ બસ શરૂ થતા જૂનાગઢના રત્ન કલાકારોએ સરકારનો આભાર વ્યકત કરેલ છે.

સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત જૂનાગઢ જીલ્લામાં ૪૨૩ ખેલાડીને તાલીમ અપાઈ

તાલીમ પાછળ છેલ્લાં બે વર્ષમાં ૬.૧૭ કરોડનો ખર્ચ કરાયો

જૂનાગઢ, તા.૧૩

રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા ખેલાડીઓને તેમની પસંદગીની રમતમાં યોગ્ય તાલીમ મળી રહે અને ભવિષ્યમાં તેઓ દેશ-વિદેશમાં રાજ્યનું નામ રોશન કરી શકે એ માટે રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપથી ખેલ પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણના બેવડા ધ્યેયને ચરિતાર્થ કરવા રાજ્યમાં સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

હાલ ગુજરાત વિધાનસભાનું બીજું સત્ર ચાલી રહ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લામાં સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત તાલીમ મેળવનારા ખેલાડીઓની વિગતો વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી. જે મુજબ તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત બે શાળા આવેલી છે. જેમાં કુલ ૪૨૩ ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધો છે તેમજ આ માટે છેલ્લાં બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કુલ રૂા.૬,૧૭,૪૨,૮૦૪નો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ યોજનામાં પસંદ થયેલા ખેલાડીઓને સવાર-સાંજ ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે તેમજ શાળામાં ભણતાં બાળકોને ઈનસ્કૂલ પ્રોગ્રામ હેઠળ તજજ્ઞો દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે.

કોડીનારમાં ટ્રકમાં ગાયો ભરી હોવાની શંકાએ શીખ ડ્રાઈવરને માર મારી રોકડ રૂપિયાની લૂંટ

લૂંટની ઘટનામાં ૧૦ થી ૧૫ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાતા પોલીસે ૧૪ શખ્સોને પકડી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૩

કોડીનારમાં અંબુજા સિમેન્ટ પાસે એક ટ્રકમાં ગાયો ભરી હોવાની શંકાએ ટોળાએ ટ્રક રોકાવી શીખ ડ્રાઈવરને માર મારી ઈજા પોહચાડી રોકડ રૂા.૧૫૦૦૦ની લૂંટ કર્યાની ફરીયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ ફરીયાદી ટ્રક ડ્રાઈવર કાબુલસિંઘ સર્દુરસિંઘ શીખ રહે.પંજાબ તેનો ટ્રક નંબર GJ ૧૮ VT ૭૯૪૦ લઈને કોડીનાર પાસેથી પસાર થતા અજાણ્યા ૧૦ થી ૧૫ શખ્સોએ ટ્રકમાં ગાયો ભરી હોવાની શંકા રાખી ટ્રક રોકાવાની કોશિષ કરતા કાબુલસિંઘે ટ્રકના રોકતા ટોળાના લોકોએ ટ્રક ઉપર પત્થર મારો કરી ટ્રકના કાચ તોડી ટ્રકનો પીછો કરી અંબુજા સિમેન્ટ પાસે ટ્રક રોકાવી ટ્રક ડ્રાઈવર કાબુલસિંઘને પત્થર વડે મોઢા સહિત શરીરના અન્ય ભાગોમાં માર મારી ઈજા પોહચાડી કાબુલસિંઘના ખિસ્સામાં રહેલા રોકડા રૂા.૧૫૦૦૦ની લૂંટ કરી ઘાડ પાડ્યાની ૧૦ થી ૧૫ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે આ અંગે સઘન તપાસ શરૂ કરતા તપાસમાં પ્રથમ ૬ આરોપીઓના અને ત્યાર બાદ વધુ ૮ આરોપીઓના નામ ખુલતા પોલીસે તમામ ૧૪ આરોપીઓને દબોચી લઈ રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કરતા પોલીસે રિમાન્ડ દરમ્યાન હજુ આ ઘટનામાં અન્ય કોઈ આરોપી શામેલ છે કે કેમ ? તે અનેક મુદ્દાઓ અંગે વધુ પૂછપરછ હાથ ધરી સઘન કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ તપાસ પી.આઇ.આર.એ.ભોજાણી ચલાવી રહ્યા છે.

જૂનાગઢમાં જન જાગૃતિ સંસ્થા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાના હોદેદારોએ હાજરી આપી

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જન જાગૃતિ સંસ્થા દ્વારા એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં મહિલાને લગતી માહિતી આપવામાં આવી વિશ્વ હિન્દુ પરિષદ મહિલા પોલીસ, ૧૮૧ અભ્યમ, બોલબાલા ટ્રસ્ટ, વન મેન આર્મી વગેરે સંસ્થાના હોદેદારોએ હાજરી આપી હતી. આ તકે માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠન ગુજરાત રાજ્યના મીડિયા ઈન્ચાર્જ પાર્થ પંડ્યાએ હાજરી આપી હતી. ઉપરાંત જૂનાગઢ જીલ્લાની ટીમ પણ હાજર રહી હતી તેમ એક યાદીમાં જણાવેલ છે.

ખંભાળિયામાં જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણ કરાયું

લાયન્સ ક્લબ દ્વારા ૧૦૧ પરિવારોને કીટ અપાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાની સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપકમે મૂળ ખંભાળિયાના વતની હાલ લંડન (યુ.કે.) સ્થિત હરેશભાઈ રમણીકલાલ સંઘવી તથા દિપેશભાઈ રમણીકલાલ સંઘવીના આર્થિક સહયોગથી (હ. શૈલેષભાઈ કાનાણી)ના સ્મરણાર્થે સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ૧૦૧ જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરી ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ ક્લબના પ્રમુખ વિનુભાઈ બરછા (ઘી વાળા) એ સર્વેને આવકારી, લાયન્સ ક્લબના સૌરાષ્ટ્ર કચ્છ વિભાગના પૂર્વ ગવર્નર ધીરેનભાઈ બદીયાણીએ દાતા પરિવારની ભાવનાને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ ચેરપર્સન શ્રદ્ધાબેન કાનાણી, મનસુખભાઈ નકુમ, મિલનભાઈ સાયાણી, સેક્રેટરી અને ઝોન ચેરપર્સન હાડાભા જામે ઉપસ્થિત રહીને વ્યવસ્થા જાળવી, જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગરીબ પરિવારને આશરે ૧૫ દિવસ ચાલે તેટલો અનાજ, ખાંડ, તેલ તેમજ અન્ય ચીજ વસ્તુઓની કીટ મેળવીને આ ૧૦૧ પરિવારોએ આનંદ સાથે દાતા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. માઈક્રો કેબિનેટ સદસ્ય શૈલેષભાઈ કાનાણીએ સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. વિતરણ વ્યવસ્થા દરમ્યાન ઘનશ્યામસિંહ જાડેજા, મહેન્દ્રભાઈ જોશી, દિનેશભાઈ પોપટ, જયંતભાઈ ખત્રી, નિમિષાબેન નકુમ, જેમીનીબેન મોટાણી તેમજ યોગેશભાઈ મોટાણી ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય વરિષ્ઠ મહિલા ફુટબોલ ટીમ સાથે સાસંદ પરિમલ નથવાણીનો વાર્તાલાપ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જીએસએફએ)ના પ્રમુખ અને રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ અમદાવાદમાં રાષ્ટ્રીય વરિષ્ઠ મહિલા ફૂટબોલ ટીમની યજમાની કરી હતી અને તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. પરિમલ નથવાણીએ ૩૩ ખેલાડીઓની ટીમ, કોચ તથા મેનેજરનું અભિવાદન કર્યું હતું. તેમણે મહિલા ફૂટબોલ ટીમને આંતરરાષ્ટ્રીય રમતના અનુભવ માટે શુભેચ્છા પાઠવી હતી. ભારતીય વરિષ્ઠ મહિલા ટીમ તેમના કેમ્પની સમાપ્તિ બાદ ૧૬મી માર્ચ, ૨૦૨૩ના રોજ અમદાવાદથી નિકળીને માર્ચના અંતમાં બે મૈત્રી મેચ રમવા માટે જોર્ડન અને પછી એક મેચ રમવા ઉઝબેકીસ્તાનની મુલાકાત લેશે. ત્યારબાદ, ટીમ એપ્રિલની શરૂઆતમાં કિર્ગીસ્તાનમાં ઓલમ્પિક ક્વોલિફાયર માટેની બે મેચ રમશે. જી.એસ.એફ.એ. પ્રમુખ પરિમલ નથવાણીએ ગુજરાતના અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની રાષ્ટ્રીય વરિષ્ઠ મહિલા ફૂટબોલ ટીમનો કોચિંગ કેમ્પ યોજવા બદલ ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરીટી (જી.એસ.એ.)નો આભાર માન્યો હતો. ટીમ ફરીથી કોચિંગ કેમ્પ માટે ગુજરાત આવે તેવી શક્યતા છે. આ પ્રસંગે જી.એસ.એફ.એ.ના ઉપપ્રમુખ અરૂણસિંહ રાજપૂત, સેક્રેટરી રમૂળરાજસિંહ ચુડાસમા અને કારોબારી સમિતિના સભ્યો દિવ્યરાજસિંહ રાણા તથા શપથ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

કોંગ્રેસ માટે અસ્તિત્વ ટકાવી રાખવાનો પડકાર

હાલમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા જયરામ રમેશે કહ્યું કે કોંગ્રેસ વગર વિપક્ષી એકતા સંભવ નથી, એ બિલકુલ સાચી વાત છે. પરંતુ મુશ્કેલી એ છે કે કેટલાય પ્રાદેશિક પક્ષો કોંગ્રેસનો સાથ આપવાના નામે તેની રાજકીય જમીન પર કબ્જો જમાવવા માંગે છે. કોંગ્રેસ પહેલેથી જ કેટલાંય રાજ્યોમાં પોતાની રાજકીય જમીન ગુમાવી ચૂકી છે અને હવે જો તે વિપક્ષી એકતાના નામે પ્રાદેશિક પક્ષો માટે વધુ જગ્યા છોડશે તો તે ખુદ પ્રાદેશિક પક્ષ રૂપે સંકોચાઈ જશે. તેની અવગણના ન કરી શકાય કે આજે કોંગ્રેસ એ અનેક રાજ્યોમાં ત્રીજા-ચોથા નંબરનો પક્ષ બનીને રહી ગયો છે, જ્યાં ક્યારેક તે પહેલા સ્થાન પર હતો. એ સાચું કે કેટલાય પ્રાદેશિક પક્ષો કોંગ્રેસને સાથે લઈને ભાજપનો મુકાબલો કરવાની પહેલ કરી રહ્યા છે, પરંતુ તેમાંથી કેટલાય તેનું નેતૃત્વ સ્વીકાર કરવા માટે તૈયાર નથી. એમાંથી કેટલાક રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર માનવા તૈયાર નથી. એવા કેટલાક પક્ષોએ કોંગ્રેસ વગર વિપક્ષી દળોને એકજુટ કરવાની રણનીતિ અપનાવી છે. તેમાં મુખ્ય છે - ભારત રાષ્ટ્ર સમિતિ અને તૃણમૂલ કોંગ્રેસ. પ્રાદેશિક પક્ષો ભલે કોંગ્રેસ સાથે મળીને ભાજપને પડકાર આપવો આસાન ગણાવતી હોય, પરંતુ સચ્ચાઈ એ છે કે તેમની પાસે એવો કોઈ એજન્ડા નથી, જે આમ જનતાનું ધ્યાન ખેંચી શકે. એક તથ્ય એ પણ છે કે તેમનો બીજાં રાજયોમાં કોઈ પ્રભાવ નથી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં પણ તેમની દૃષ્ટિ સંકીર્ણ છે. હવે તો તેઓ રેવડી સંસ્કૃતિના જ આધાર પર ચૂંટણી લડી રહ્યા છે, જે એકંદરે અર્થવ્યવસ્થાનાં વહાણ ડૂબાડવાની જ નીતિ છે.

એમાં શંકા નહીં કે પોતાનો રાજકીય પ્રભાવ ગુમાવી દીધા બાદ પણ કોંગ્રેસ એક રાષ્ટ્રીય પક્ષ છે અને લગભગ આખા દેશમાં તેનો પ્રભાવ છે. એ જ કારણે વિપક્ષી એકતા તેના નેતૃત્વમાં જ સંભવ છે, પરંતુ તેના માટે જે વૈકલ્પિક એજન્ડાની જરૂર છે, તેની પૂર્તિ તે નથી કરી રહી. એટલા માટે, કારણ કે તે સમયની સાથે ડાબેરી માનસિકતાથી ગ્રસ્ત થતી જાય છે. તે રેવડી સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં પ્રાદેશિક પક્ષો સાથે હરીફાઈ કરી રહી છે. વૈકલ્પિક નીતિઓના નામે તેની પાસે એકંદરે રેવડી સંસ્કૃતિ જ છે. મુશ્કેલી એ છે કે જે કોંગ્રેસે એક સમયે દેશની અર્થવ્યવસ્થાનું ઉદારીકરણ કર્યું, તે જ આજે ખાનગીકરણના વિરોધમાં ઊભી છે. તે એ સમજવા તૈયાર નથી કે ઉદ્યોગ-વેપાર જગતને ઉત્તેજન આપ્યા વિના દેશને આગળ નહીં લઈ જઈ શકાય. જો કોંગ્રેસ એમ ઇચ્છતી હોય કે તેના નેતૃત્વમાં વિપક્ષી દળોનું કોઈ સશક્ત ગઠબંધન બને અને તે ભાજપને પડકારી શકવામાં સક્ષમ બને તો તેણે સૌથી પહેલો એવો કોઈ એજન્ડા લાવવો પડશે, જે દેશના લોકોને આકર્ષિત કરે. હાલમાં તો કોંગ્રેસ પાસે એવો કોઈ વૈકલ્પિક એજન્ડા દેખાતો નથી.

Chinaમાં લોકોએ પ્રધાનમંત્રી મોદીનું પાડ્યું છે તેમનું 'Laoxian' નામ, તેનો અર્થ ખાસ જાણો

નવીદિલ્હી,તા.૧૩

ભારત અને ચીન વચ્ચેના સંબંધો કઈ આજકાલના નથી. ઉતાર ચડાવવાળા આ સંબંધોમાં લાંબા સમયથી તણાવ પણ જોવા મળી રહ્યો છે. ચીનના લોકોને ભારત અને અમેરિકાની મિત્રતા પણ જાણે ગમતી નથી. તેમનું માનવું છે કે ભારત અને ચીન સાથે મળીને કામ કરી શકે છે. ચીનના પત્રકાર માને છે કે ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ કારણ કે ભારત સાથે વેપારની સંભાવના ઘણી વધુ છે. આ બધી વાતો ચીનના પત્રકાર મ્યૂ ચુનશાને ધ ડિપ્લોમેટ માટે પોતાના લેખમાં લખી છે. ચીની સોશિયલ મીડિયા પર આધારિત તેમનો લેખ જણાવે છે કે ચીનની સામાન્ય જનતા ભારત માટે શું વિચારે છે અને સોશિયલ મીડિયા પર પોતાના પાડોશી દેશ વિશે શું વાતો કરે છે. પોતાના આ લેખમાં તેમણે ભારતના પ્રધાનમંત્રી પીએમ મોદીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું કે 'ભારતીય પીએમ નરેન્દ્ર મોદીનું ચીની ઈન્ટરનેટ પર એક નિક્નેમ છે. મોદી લાઓશિઆન. લાઓશિઆનનો ઉપયોગ કેટલીક અનોખી ક્ષમતાઓવાળા 'વડીલ અમર' વ્યક્તિ માટે થાય છે. આ નિકનેમનો અર્થ એ છે કે ચીનના સોશિયલ મીડિયા યૂઝર્સ એવું વિચારે છે કે પીએમ મોદી અન્ય નેતાઓની સરખામણીમાં અલગ અને અદભૂત છે. તેઓ તેમના પહેરવેશ અને શારીરિક બનાવટ, બંનેની તરફ ઈશારો કરે છે. તેમની કેટલીક નીતિઓ ભારતની પાછલી નીતિઓ કરતા અલગ છે.' અત્રે જણાવવાનું કે ચીનમાં લાઓશિયાન શબ્દનો ઉપયોગ એવી વ્યક્તિ માટે થાય છે જે અમર હોય અને જેની પાસે સ્પેશિયલ પાવર હોય. તેમણે લખ્યું છે કે 'વિશેષ રીતે, પીએમ મોદીના નેતૃત્વમાં ભારત દુનિયાના પ્રમુખ દેશો વચ્ચે સંતુલન જાળવી શકે છે. પછી ભલે તે રશિયા હોય, અમેરિકા હોય કે ગ્લોબલ સાઉથના દેશો, ભારત તે બધા સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખી શકે છે. જે કેટલાક ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે ખુબ પ્રશંસનીય છે. આથી 'લાઓશિઆન' શબ્દ પીએમ મોદી પ્રત્યે ચીની લોકોની જટિલ ભાવનાને દર્શાવે છે. જેમાં જિજ્ઞાસા અને આશ્ચર્ય પણ સામેલ છે. ચુનશાન લખે છે કે હું લગભઘ ૨૦ વર્ષથી આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટિંગ કરી રહ્યો છું અને ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે કોઈ વિદેશી નેતાને નિકનેમ આપવું દુર્લભ છે. મોદીનું નિકનેમ અન્ય તમામ કરતા ઉપર છે. સ્પષ્ટ રીતે તેમણે ચીની જનતાના મતને પ્રભાવિત કર્યો છે. ચીની પત્રકારે પોતાના લેખમાં લખ્યું કે ભારત સાથે મુકાબલો કરવા માટે પાકિસ્તાનનો ઉપયોગ કરવાનો વિચાર વધુ કાલ્પનિક બની રહ્યો છે. કારણ કે પાકિસ્તાન અને ભારત વચ્ચેની ખાઈ સતત પહોળી થઈ રહી છે.

ઈન્સ્ટાગ્રામ પર માત્ર ૧ પ્રોફાઈલને જ ફોલો કરે છે રતન ટાટા, કોણ છે તે જાણો?

નવી દિલ્હી,તા.૧૩

રતન ટાટા સોશિયલ મીડિયા પર વધારે એક્ટિવ રહેતા નથી, પરંતુ તેઓ દેશના લગભગ દરેક વર્ગના લોકોને પસંદ કરે છે. આ જ કારણ છે કે, ટાટા સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા ઉદ્યોગપતિ છે. રતન ટાટાના ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા ૮.૫ મિલિયન છે.

જો કે, તમે તે જાણીને હેરાન થઈ જશો કે, તેઓ ઈન્સ્ટાગ્રામ પર માત્ર એક પ્રોફાઈલને ફોલો કરે છે. આવો જાણીએ આખરે ઈન્સ્ટાગ્રામ પર કોણ છે, તે વ્યક્તિ જેને ટાટા ફોલો કરે છે. જાણકારી અનુસાર, રતન ટાટા એક ચેરિટી સંસ્થાને ફોલો કરે છે, ટાટા ટ્રસ્ટ રતન ટાટાના સંચાલન હેઠળ છે. તેની સ્થાપના ૧૯૧૯માં થઈ હતી. ટાટા ટ્રસ્ટ એ ભારતની સૌથી જૂની એન્ડોમેન્ટ ફાઉન્ડેશનોમાંની એક છે. જાણકારી અનુસાર, વર્ષ ૧૮૯૨માં જ ટાટા ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી, જેથી કલ્યાણકારી કાર્યો માટે ધનની અછત ન સર્જાય. ટાટા ગ્રૂપની બધી જ કંપનીઓના મુખ્ય રોકાણકાર ટાટા સન્સ છે અને તેમની ૬૬ ટકા ભાગીદારી ટાટા ટ્રસ્ટ પાસે છે. આ ભાગીદારીનું ડિવિડન્ડ ટ્રસ્ટની પાસે આવે છે, જેથી પરોપકાર માટે ધનની અછત ન થાય. માત્ર ટાટા જ નહિ, તેના સંરક્ષણમાં ચાલનારું જેએન ટાટા એન્ડોમેન્ટ, સર દોરાબજી ટાટા ટ્રસ્ટ, સર રતન ટાટા ટ્રસ્ટ, લેડી ટાટા મેમોરિયલ ટ્રસ્ટ, લેડી મેહરબાઈ ડી. ટાટા એજ્યુકેશન ટ્રસ્ટ, જેઆરજી અને થેલ્માં જે. ટાટા ટ્રસ્ટ વગેરે કેટલાક એવા નામો છે, જે દાયકાઓથી સ્વાસ્થ્ય, શિક્ષા, પર્યાવરણ રક્ષા, સામુદાયિક વિકાસ જેવા ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. ટાટા ગ્રૂપે દેશની આઝાદીના ઘણા સમય પહેલા જ રાષ્ટ્ર વિશે વિચારવાનું શરૂ કરી દીધું હતુ. એટલે જ તો જમશેદજી ટાટાએ વર્ષ ૧૮૯૮માં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી હતી. જેનો ઉદ્દેશ્ય વિજ્ઞાનની અત્યાધુનિકા શિક્ષા વ્યવસ્થા કરવી હતું. આ ટ્રાસ્ટ માટે તે સમયે જમશેદજી એ તેમની અડધી સંપત્તિ દાનમાં આપી દીધી હતી. જેમાં મુંબઈની ૧૪ બિલ્ડિંગ અને ચાર લેન્ડ પ્રોપર્ટી હતી.

હનીમૂન ઉપર જવા પોતાના જ ઘરમાંથી ચોર્યા ૫૫ લાખ

ગુરૂગ્રામ, તા.૧૩

એકબીજાના પ્રેમમાં અંધ બનેલા પ્રેમીપંખીડા ગમે તે હદ પાર કરી જતાં હોય છે. તેઓ કોઈનો જીવ લઈ લેવા અને ચોરી કરવા પણ તૈયાર રહે છે. હરિયાણાના સેકટર-૧૪ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પણ આવો જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક યુવતીએ પરિવારથી છુપાવીને પ્રેમી સાથે આર્યસમાજમાં લગ્ન કરી લીધા હતા અને બંને હનીમૂન પર જવાનું પ્લાનિંગ પણ કરી રહ્યા હતા. જો કે, આ માટે પૈસા ન હોવાથી તેણે પોતાના જ ઘરમાંથી ૫૫ લાખ રૂપિયાની ચોરી કરી હતી. પરંતુ પોલ ખુલી ગઈ હતી. સમગ્ર કેસની વાત કરીએ તો, પ્રોપર્ટી ખરીદવા માટે ગાર્મેન્ટના વેપારીએ ૫૫ લાખ રૂપિયા ઘરમાં રાખ્યા હતા. જે એકાએક ગુમ થઈ જતાં તેમણે ઘરઘાટી તેમજ દુકાનમાં કામ કરતાં કર્મચારીઓ સહિત કેટલાકની પૂછપરછ કરી હતી. વેપારીને પોતાની દીકરી પર ચહેરાના બદલાયેલા હાવભાવ પર શંકા ગઈ હતી. જ્યારે તેમણે કડકપૂછપરછ કરી તો તેણે પ્રેમી સાથે મળી ચોરી કરી હોવાનું સ્વીકાર્યું હતું. ત્યારબાદ તેના પ્રેમીને પણ ઘરે બોલાવવામાં આવ્યો હતો, જ્યાં તેણેબંનેએ લગ્ન કરીલીધા હોવાનું અને ચોરી કરેલા પૈસાથી હનીમૂન પર જવાના હોવાનું કહ્યું હતું. બંને સામે સેકટર-૧૪ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ યુવતીના પિતાએ નોંધાવી હતી. પ્રોપર્ટી ખરીદવા માટે ૫૫ લાખ રૂપિયા ઘરમાં રાખ્યા હોવાની જાણ વેપારીની દીકરીને હતી, જેની ઉંમર ૨૧ વર્ષ છે અને એમએસસીનો અભ્યાસ કરી રહી છે. ફરિયાદમાં કરાયેલા ઉલ્લેખ પ્રમાણે, ૨ માર્ચના રોજ વેપારીએ તિજોરી ચેક કરી તો તેમા ૫૫ લાખ રૂપિયા ન હોતા. પરિવારથી ચોરીછૂપી પ્રેમી સાથે આર્યસમાજ મંદિરમાં કર્યા લગ્નયુવતીના પિતાએ પૈસા પરત માગતા પ્રેમીએ પરિવારની ઈજ્જત ખરાબ કરવાની આપી ધમકી જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું તો તેમની દીકરી ગભરાઈ ગઈ હતી અને રડતાં-રડતાં પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી. વેપારીએ તેમની દીકરીને પ્રેમીને ફોન કરી ઘરે બોલાવવા માટે કહ્યું હતું. જ્યાં પહોંચીને તેણે દિલ્હીના આર્યસમાજ મંદિરમાં લગ્ન કરી લીધા હોવાનું ખુલાસો કર્યો હતો અને તેણે મેરેજ સર્ટિફિકેટ પણ દેખાડ્યું હતું. આ દરમિયાન તેવી પણ જાણ થઈ હતી કે, તેમણે માત્ર ૫૫ લાખ રૂપિયા જ નહીં યુવતીના માતાનો સોનાનો હાર અને એક અંગુઠી પણ ચોરી હતી. પોતે હવે જેલભેગો થશે તેવું સ્પષ્ટ થતાં યુવતીના પ્રેમીએ પરિવારની ઈજ્જત ખરાબ કરી દેવાની ધમકી આપી હતી અને તેને પણ પોતાની સાથે લઈ ગયો હતો. તેણે પોલીસ ફરિયાદ કરી તો ગંભીર પરિણામ ભોગવવું પડશે તેમ પણ કહ્યું હતું. યુવતીના પિતાના વારંવાર કહેવા પણ તેણે માત્ર ૫ લાખ રૂપિયા આપ્યા હતા.

દુનિયાનું સૌથી મોંઘા લાકડાની કિંમત ૭-૮ લાખ રૂપિયા પ્રતિ કિલો છે

નવી દિલ્હી, તા.૧૩

આપણે બાળપણથી સાંભળતા આવ્યા છીએ કે ચંદન એ વિશ્વના સૌથી મોંઘા લાકડામાંથી એક છે. સામાન્ય રીતે તે ૭-૮ હજાર રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે, પરંતુ જો આપણે કહીએ કે એક એવું લાકડું છે જેની કિંમત ૮ હજાર પાઉન્ડ એટલે કે ૭-૮ લાખ રૂપિયા પ્રતિ કિલો છે, તો શું તમે વિશ્વાસ કરશો? કદાચ ના. પરંતુ તે સાચું છે. અમે જે લાકડાની વાત કરી રહ્યા છીએ તેની કિંમત ૭ થી ૮ લાખ રૂપિયા છે. એટલે કે, જો તે એક કિલોમાં પણ વેચાય છે, તો તમે સરળતાથી યોગ્ય લક્ઝરી કાર ખરીદી શકો છો અથવા તમારા જીવનસાથી સાથે આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરી શકો છો. જો તમે પાંચથી છ કિલો વેચો છો, તો તમે તેને વૈભવી ઘરમાં લઈ જઈ શકો છો. આ પ્રકારના વૃક્ષને વિશ્વમાં સૌથી દુર્લભ માનવામાં આવે છે. આ જ કારણ છે કે તેમની કિંમતો આસમાને છે. અન્ય તમામ વૃક્ષોની સરખામણીમાં આ વૃક્ષોની સંખ્યા ઘણી ઓછી છે. અને આ જ કારણ છે કે તેમની આટલી મોટી માંગ છે. આમાંના મોટાભાગના વૃક્ષો આફ્રિકાના સૂકા પ્રદેશોમાં સેનેગલ પૂર્વથી એરિટ્રિયા સુધી અને દક્ષિણ આફ્રિકાના ઉત્તર-પૂર્વીય ભાગોમાં જોવા મળે છે. અમે આફ્રિકન બ્લેકવુડ નામના એક ખાસપ્રકારના વૃક્ષ વિશે વાત કરી રહ્યા છીએ. આ વૃક્ષની સરેરાશ ઊંચાઈ ૨૫-૪૦ ફૂટ છે. તે વિશ્વના ૨૬ દેશોમાં જ જોવા મળે છે. મૂળભૂત રીતે તે આફ્રિકન ખંડના મધ્ય અને દક્ષિણ ભાગોમાં વધુ જોવા મળે છે.

સાપ્તાહિક રાશી ભવિષ્ય

તા.૧૩-૦૩-૨૦૨૩ થી ૧૯-૦૩-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

મેષ : અ.લ.ઈ. — સ્વામિ - મંગળ

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાંતમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

વૃષભ : બ.વ.ઉ. — સ્વામિ - શુક્ર

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

મિથુન : ક.છ.ઘ. — સ્વામિ - બુધ

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

કર્ક : ડ.હ. — સ્વામિ - ચંદ્ર

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

સિંહ : મ.ટ. — સ્વામિ - સૂર્ય

આસમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

કન્યા : પ.ઠ.ણ. — સ્વામિ - બુધ

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય. જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

તુલા : ર.ત. — સ્વામિ - શુક્ર

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

વૃશ્ચિક : ન.ય. — સ્વામિ - મંગળ

આસપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

ધન : ભ.ધ.ફ.ઢ. — સ્વામિ - ગુરૂ

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

મકર : ખ.જ. — સ્વામિ - શની

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનામાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

કુંભ : ગ.શ.ષ.સ. — સ્વામિ -શની

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

મીન : દ.ચ.ઝ.થ. — સ્વામિ - ગુરૂ

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સ્વાર્થ સાધવો, વિકારોને પોષવા એ પશુમય જીવન છે.

- સ્વામી રામતીર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.મેહેર-૧૩૯૨, મુ. શાબાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ફાગણ વદ-૬ શ્રી એકનાથજી ષષ્ઠી તા.૧૩ માર્ચ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૦, વિશાખા નક્ષત્ર, હર્ષણ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ સવારે ૮:૨૦ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

એકતરફી પાવર ડીલ : અદાણી માટે લાભ અને બાંગ્લાદેશને નુકસાન

મુંબઈ તા.૧૩

એક તરફી પાવર ડીલનો ફાયદો ગૌતમ અદાણી માટે છે અને નુકસાન બાંગ્લાદેશ માટે છે. ભારતીય બિઝનેસ ટાયકૂન સાથે વીજળીની ખરીદીનો સોદો આ રીતે થયો છે. શેરબજારમાં ચાલાકી અને છેતરપિંડી અંગેના કૌભાંડના કેન્દ્રમાં રહેલા એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ અદાણીએ વિવાદાસ્પદ સોદા દ્વારા શાબ્દિક રીતે બાંગ્લાદેશને મહાત આપી છે. બાંગ્લાદેશના લોકોના ભોગે એશિયાના ભૂતપૂર્વ સૌથી ધનિક વ્યક્તિના ખિસ્સા ભરવા માટે આ સૌથી મોંઘો, એકતરફી કરાર હોય તેવું લાગે છે. જાણ્યે-અજાણ્યે, બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (BPDB)એ ડીલ ઉપર હસ્તાક્ષર કર્યા હતા જે અદાણી પાવરને કોલસાની ખરીદીથી લઈને વીજળીની નિકાસ સુધીના દરેક તબક્કામાં નાણાં અને નફો મેળવવાની મંજૂરી આપે છે. ડેઈલી સ્ટાર દ્વારા આ સોદાનું વિશ્લેષણ કરનારા નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દસ્તાવેજ, જો અદાણી કરારનો ભંગ કરે તો પણ બાંગ્લાદેશને કેવી રીતે આ કરારમાં રહેવાની ફરજ પાડવામાં આવે છે તે સ્પષ્ટ કરે છે. આગામી ૨૫ વર્ષ માટે, બાંગ્લાદેશને આંશિક રીતે સહન કરવું પડશે અને એકવાર પ્લાન્ટ કોમર્શિયલ ઓપરેશનમાં આવશે ત્યારથી બાંગ્લાદેશ અદાણીને ટેરિફ ચૂકવવાનું શરૂ કરશે. બીજા શબ્દોમાં કહીએ તો, કરારની એક અનોખી રચના છે: અદાણી ખર્ચ બચાવે છે પરંતુ બાંગ્લાદેશ પાસેથી તે જ રકમ વસૂલે છે, બદલામાં તે વધુ નફો મેળવે છે. એવો અંદાજ છે કે અદાણી પાવર સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) બનવાને કારણે કરારના ૨૫ વર્ષમાં ક્લીન એનર્જી સેસ (કાર્બન ટેક્સનું એક સ્વરૂપ) ઉપર $1 બિલિયનથી વધુની બચત કરશે. અદાણી માટે કુલ બચત $1 બિલિયનથી વધુ હશે. ઉદાહરણ તરીકે, અદાણી ચીનમાંથી તેમના સાધનોની આયાત ડ્યુટી ઉપર આશરે $100થી $200 મિલિયનની બચત કરે છે પરંતુ તે આયાત જકાત માટે બાંગ્લાદેશ પાસેથી વસૂલ કરશે. તેનો તેનો નફો વધુ હશે. ૨૪ ફેબ્રુઆરીના રોજ એક ઈન્ટરવ્યુમાં, અદાણીના અન્ય પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગોડ્ડા પ્રોજેક્ટ નિયુક્ત SEZ ઉપર હોવાથી, બાંગ્લાદેશના વીજ ગ્રાહકોએ વર્તમાન ધોરણો મુજબ લાગુ પડતી કસ્ટમ ડ્યુટી, કર અને સેસ ચૂકવવાની જરૂર રહેશે નહીં. કર અને ટેરિફ સિવાય, બાંગ્લાદેશ ક્ષમતા ચાર્જમાં વાર્ષિક આશરે $450 મિલિયન ચૂકવવા માટે જવાબદાર છે, ભલે તે કરારની મૂળ શરતોમાં જણાવ્યા મુજબ, કોઈપણ કારણોસર અદાણી પાસેથી વીજળી ખરીદતું ન પણ હોય. પ્રાકૃતિક સંસાધનોના રક્ષણ માટે લડત આપતા પ્રોફેસર અનુ મુહમ્મદ માને છે કે આ સોદો નથી પરંતુ અદાણીને આપવામાં આવેલી ભેટ છે, જેમને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી નજીકના સાથી તરીકે જોવામાં આવે છે. જો અદાણી દ્વારા કરારનો ભંગ થાય છે તો ૨૦૧૭માં સોદા ઉપર હસ્તાક્ષર કરતી વખતે, અદાણી પાવરે બાંગ્લાદેશને ચૂકવવા પડે તેવા સંદર્ભ ટેરિફમાં ટેક્સ ધારણાઓનો સમાવેશ કર્યો હતો. તેમાં ૧૨ ટકા આબકારી જકાત, ૧૫ ટકા સર્વિસ ટેક્સ, વેટ અને ભારતમાં ચૂકવવાપાત્ર આવકવેરાનો સમાવેશ થાય છે. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સત્તાવાર દસ્તાવેજો અનુસાર, ફક્ત બાંગ્લાદેશમાં વીજળીની નિકાસના આધારે, અદાણીના ગોડ્ડા પાવર પ્લાન્ટને SEZ જાહેર કરવામાં આવ્યો હતો. તેનું સરળ અર્થઘટન કરીએ તો, જો બાંગ્લાદેશ ન હોત તો અદાણીને કોર્પોરેટ ટેક્સમાંથી મુક્તિ મળી ન હોત. એક્સાઈઝ ડ્યુટીમાં અદાણીના મોટા ભાગના ખર્ચ, રાજ્યના માલસામાન અને સેવા કર, પ્રથમ પાંચ વર્ષ માટે આવકવેરામાં ૧૦૦ ટકા કપાત સાથે SEZ ઘોષણા દ્વારા રદ કરવામાં આવ્યા છે. SEZ ઘોષણા પછી લગભગ ચાર વર્ષ પછી, અદાણીએ સત્તાવાર રીતે (લેખિતમાં) BPDBને તેમની ચોક્કસ બચતની જાણ કરી નથી, BPDBના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ સંવેદનશીલ માહિતી તરીકે ગણવામાં આવે છે. બાંગ્લાદેશના કોન્ટ્રાક્ટ એક્ટ ૧૮૭૨ મુજબ, અદાણી દ્વારા માહિતી છુપાવવી એ કરારનો ભંગ છે અને આ કરારને કાયદેસર રીતે રદબાતલ ઠેરવે છે. પરંતુ આ કરાર કાયદેસર રીતે રદબાતલ નથી; કરારમાં એક અસામાન્ય કલમ BPDBનેતેને રદ કરતા અટકાવે છે. દસ્તાવેજો અનુસાર, પેરા અને રામપાલ સાથેના પાવર પરચેઝ એગ્રીમેન્ટમાં આ કલમનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. બીજી રીતે કહીએ તો, જ્યારે કરારનો ભંગ અદાણીને પ્રતિકૂળ અસર કરશે ત્યારે, BPDB પાસે તેને છોડવા માટે કાનૂની આધારો છે. ટેક્સમાંથી બચત થતી નાણાની રકમ છુપાવવાથી અદાણીની ઉત્પાદન ક્ષમતામાં અવરોધ આવશે નહીં. BPDB પાસે ૨૫-વર્ષના બંધનકર્તા કરારમાંથી નીકળી જવાનો કોઈ આધાર નથી. સોદાના દરેક સ્થળે ગૌતમ અદાણી નફો મેળવે છે. કારમાઈકલ કોલમાઈન (અદાણીની ઓસ્ટ્રેલિયન ખાણ જે ઓછી ઉર્જાનો કોલસો ઉત્પન્ન કરે છે), કોલ પોર્ટ, રેલવે લાઈન, ગોડ્ડાનો પાવર પ્લાન્ટ અને તેનો એક ભાગ ટ્રાન્સમિશન લાઈન જે પણ તેની જ માલિકીની છે. આ કરાર એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે અદાણીને વધુને વધુ નફો મળે અને બાંગ્લાદેશને આ નફાનો થોડો ભાગ પણ મળશે નહીં. કરારની ડિઝાઈન એવી છે કે જો ભારત સરકાર દ્વારા વધારાના કર લાદવામાં આવશે, તો તે બાંગ્લાદેશ ઉપર લાદવામાં આવશે નહીં. ભારત સરકાર હવે એ સુનિશ્ચિત કરવા પગલાં લઈ રહી છે કે દરેક કોલસા આધારિત પાવર પ્લાન્ટને બાયોમાસનો ઉપયોગ કરવાની જરૂર પડશે, જે અમારી કાર્યક્ષમતાને અવરોધે છે પરંતુ તે ખર્ચ બાંગ્લાદેશ દ્વારા ઉઠાવવામાં આવશે નહીં. ટિમ બકલીએ જણાવ્યું હતું કે કોર્પોરેટ ટેક્સ ટાળવો એલાંબા સમયથી અદાણી માટે તેના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવા અને નફાના માર્જિનમાં વધારો કરવાનો માર્ગ છે. અદાણીએ ઑસ્ટ્રેલિયામાં જ્યાં તેની કોલસાની ખાણ છે ત્યાં તે ચૂકવે છે તે ટેક્સની રકમ ઘટાડવા માટે ઘણી રીતો પણ સેટ કરી છે. બાંગ્લાદેશે શા માટે કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા ? યુએસ ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મ હિંડનબર્ગે અદાણી ગ્રુપની સ્ટોક મેનીપ્યુલેશન અને એકાઉન્ટિંગ સ્કીમ જાહેર કરીને ધડાકો કર્યો, ત્યારે બાંગ્લાદેશમાં ખતરાની ઘંટડીઓ રણકવા લાગી હતી. બાંગ્લાદેશના નિષ્ણાતોએ અગાઉ પણ આ સોદા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, તેઓ હવે પ્રશ્ન કરી રહ્યા છે કે અધિક વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતું રાષ્ટ્ર અદાણી સાથે કેમ જોડાયું છે? આ સોદો બાંગ્લાદેશ માટે વિનાશક સાબિત થશે. એ અધિકારીઓ જેમણે વિદેશી પાવર પ્લાન્ટ્સ સાથે અગાઉના કરારો ઉપર હસ્તાક્ષર કર્યા હતા, તેઓએ અદાણીના આ કરારને મંજૂરી આપી હતી, તે સારી રીતે જાણતા હતા કે તે બાંગ્લાદેશની તરફેણમાં નથી. અનેક વાત સંપર્ક કરવામાં આવતા પાવર વિભાગે આ બાબતે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. BPDBના ચેરમેનનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેમણે પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. વીજ, ઉર્જા અને ખનિજ સંસાધનોના રાજ્યકક્ષાના મંત્રી નસરુલ હમીદે ૨૫ ફેબ્રુઆરીના રોજ ફોન કોલનો જવાબ આપ્યો હતો પરંતુ ચોક્કસ પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા. આ કરારમાંથી બહાર નીકળવાના રસ્તાઓ અંગે, પાવર પરચેઝ એગ્રીમેન્ટની કલમ ૧૯.૪ જણાવે છે કે કોઈપણ વિવાદ કે જેનું નિરાકરણ ન આવ્યું હોય તે આખરે સિંગાપોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર, ૨૦૧૬, ૬ઠ્ઠી આવૃત્તિના આર્બિટ્રેશનના નિયમો અનુસાર પતાવટ કરવામાં આવશે. BPDB આદર્શ રીતે સમાપ્તિ માટે સિંગાપોરમાં આર્બિટ્રેશનમાં આ કરાર લઈ જઈ શકે છે. અનુ મુહમ્મદે કહ્યું કે, આ મોંઘા કોન્ટ્રાક્ટનો ખર્ચ જનતા ભોગવશે. બાંગ્લાદેશના જાહેર હિતને ધ્યાનમાં લીધા વિના આ ડીલ કરવામાં આવી છે જેના લીધે સ્પષ્ટ રીતે બાંગ્લાદેશને નુકસાન છે.

ધોરણ-૧૦માં છેલ્લા ૩ વર્ષમાં જ એક લાખથી વધુ વિદ્યાર્થી ઘટ્યા

ધોરણ-૧૦માં ઘટાડા સામે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓ વધ્યા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યા જોતા ધોરણ૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. છેલ્લા ૩ વર્ષમાં જ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં એક લાખ કરતા વધુનો ઘટાડો થયો છે. જ્યારે તેની સામે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં છેલ્લા સાત વર્ષમાં સવા લાખ જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોવાનું સામે આવ્યું છે. ૨૦૨૧માં ધોરણ-૧૦ની પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૮.૫૭ લાખ જેટલી હતી. જોકે, આગામી બોર્ડની પરીક્ષા એટલે કે માર્ચ-૨૦૨૩ની પરીક્ષા માટે ધોરણ-૧૦ના નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૭.૪૧ લાખ જેટલી નોંધાઈ છે. આમ, છેલ્લા ૩ વર્ષમાં જ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૧૫ લાખનો ઘટાડો થયો છે. છેલ્લા ૭ વર્ષની વાત કરીએ તો ધોરણ-૧૦માં આ સમયગાળા દરમ્યાન ૭૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઘટ્યા છે. આમ, ધોરણ-૧૦માં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડોનો ટ્રેન્ડ ઘણા વર્ષોથી ચાલુ હોવાનું સામે આવ્યું છે. રાજ્યના મોટા શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર વગેરેમાં છેલ્લા એક દાયકામાં CBSE બોર્ડ સંલગ્ન સ્કૂલો અને ઈન્ટરનેશનલ બોર્ડ સંલગ્ન સ્કૂલોની સંખ્યા સતત વધી છે. જેના પગલે વિદ્યાર્થીઓની સંખ્યા ઉપર અસર થઈ હોવાનું જાણવા મળે છે. એક બાજુ ધોરણ૧૦માં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓ વધી રહ્યા છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લા કેટલાક સમયથી વધારો જોવા મળી રહ્યો છે. ધોરણ-૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે, જ્યારે તેની સામે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા સાત વર્ષમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સવા લાખનો વધારો થયો હોવાનું સામે આવ્યું છે. ૨૦૧૫ની વાત કરીએ તો સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૩.૫૬ લાખ જેટલી હતી. જો કે, ૨૦૨૩માં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૪.૮૦ લાખ થઈ છે.

ભારતમાં ૧ કરોડથી વધુ વરિષ્ઠ નાગરિકો માનસિક રોગીઓ હોઈ શકે છે : AI અભ્યાસમાં દાવો

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ૧૦ મિલિયન અથવા એક કરોડથી વધુ વયસ્કોને ડિમેન્શિયા (ચિત્તભ્રમ-ગાંડપણ) હોઈ શકે છે. આ આંકડો યુએસ અને યુકે જેવા દેશોના દરની તુલના સાથે છે. ન્યુરોએપીડેમિયોલોજી જર્નલમાં પ્રકાશિત થયેલા સંશોધનમાં ૩૧,૪૭૭ વૃદ્ધોના ડેટાનું વિશ્લેષણ કરવા માટે સેમી-સુપરવાઈઝ્ડ મશીન લર્નિંગ તરીકે ઓળખાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધકોની આંતરરાષ્ટ્રીય ટીમે શોધી કાઢ્યું છે કે, ભારતમાં ૬૦ કે તેથી વધુ વયના પુખ્ત વયના લોકોમાં ડિમેન્શિયાનો વ્યાપ દર ૮.૪૪ ટકા હોઈ શકે છે, જે દેશના ૧૦.૦૮ મિલિયન પુખ્ત વયના લોકોની બરાબર છે. આ દર યુએસમાં ૮.૮ ટકા, યુકેમાં ૯ ટકા અને જર્મની અને ફ્રાન્સમાં ૮.૫ થી ૯ ટકાની વચ્ચેના સમાન વય જૂથોમાં નોંધાયેલા દરની તુલના કરે છે. સંશોધકોએ શોધી કાઢ્યું કે જેઓ મોટી ઉંમરના હતા, ખાસ કરીને સ્ત્રીઓ અને શિક્ષણ મેળવ્યું ન હતું અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા હતા તેમનામાં ડિમેન્શિયાનો વ્યાપ વધુ હતો. અભ્યાસના સહ-લેખક અને યુનિવર્સિટી ઓફ સરે, યુકેમાં હેલ્થ ડેટા સાયન્સના લેક્ચરર જણાવ્યું હતું કે, અમારૂં સંશોધન ભારતમાં ૩૦,૦૦૦ થી વધુ વૃદ્ધ પુખ્ત વયના લોકો સાથે ભારતમાં પ્રથમ અને એકમાત્ર રાષ્ટ્રીય પ્રતિનિધિત્વ ધરાવતા વૃદ્ધ અભ્યાસ ઉપર આધારિત હતું. AI પાસે આના જેવા મોટા અને જટિલ ડેટાનું અર્થઘટન કરવામાં અનન્ય માપ છે અને અમારા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, ડિમેન્શિયાનો વ્યાપ સ્થાનિક નમૂનાઓના અગાઉના અંદાજ કરતાં વધુ હોઈ શકે છે. યુનિવર્સિટી ઓફ સરે, યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા, યુએસમાં યુનિવર્સિટી ઓફ મિશિગન અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હીની સંશોધન ટીમે એઆઈ લર્નિંગ મોડલ વિકસાવ્યું છે. આ મોડેલને ડેટા ઉપર તાલીમ આપવામાં આવી હતી, જેમાં ડિમેન્શિયા નિદાન સાથે ૭૦ ટકા લેબલ થયેલ ડેટાસેટનો સમાવેશ થાય છે. બાકીનો ૩૦ ટકા ડેટા એઆઈની આગાહીની ચોકસાઈનું મૂલ્યાંકન કરવા માટે એક પરીક્ષણ સેટ તરીકે અનામત રાખવામાં આવ્યો હતો. આ ડેટાસેટમાં ડિમેન્શિયા નિદાન વિના લેબલ વગરના અવલોકનો માટે AI એ પોતાને ડિમેન્શિયાની સ્થિતિની આગાહી કરી હતી. AI ના જટિલ ડેટામાં પેટર્ન શોધવાની સંભાવના છે, જે આપણા જીવનને બચાવવા માટે ચોક્કસ તબીબી હસ્તક્ષેપના વિકાસને ટેકો આપવા માટે અલગ-અલગ સમુદાયોમાં લોકોને કેવી રીતે રોગો અસર કરે છે તે અંગેની અમારી સમજમાં સુધારો કરે છે.

એર ઈન્ડિયામાં ૧૮૨૫ પાઈલટમાંથી ૧૫ ટકા મહિલા પાઈલટ છે

નવી દિલ્હી, તા.૧૩

એર ઈન્ડિયાએ ૮ માર્ચ બુધવારના રોજ જણાવ્યું હતું કે, તેના ૧૮૨૫ પાઈલટમાંથી ૧૫ ટકા મહિલા છે, જે તેને સૌથી વધુ મહિલા પાઈલટ ધરાવતી એરલાઈન બનાવે છે. એક પ્રકાશન અનુસાર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ટાટા ગ્રુપની માલિકીની એર ઈન્ડિયાએ એર ઈન્ડિયા એક્સપ્રેસ અને એર એશિયા ઈન્ડિયા સાથે મળીને ૯૦થી વધુ તમામ મહિલા ચાલકદળની ફ્લાઈટ્સ નિર્ધારિત કરી છે અને અને કેરિયર્સ ૧ માર્ચથી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક રૂટ ઉપર આ તમામ-મહિલા ક્રૂ ફ્લાઈટ્સનું સંચાલન કરી રહ્યા છે. કેરિયર મુજબ, એર ઈન્ડિયાના કર્મચારીઓમાં ૪૦ ટકાથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે, જેમાં તેની ૧૮૨૫ પાઈલટમાંથી ૨૭૫ મહિલા છે, જે કોકપિટ ક્રૂની તાકાતના ૧૫ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેને સૌથી મોટી સંખ્યામાં મહિલા પાઈલટો ધરાવતી એરલાઈન બનાવે છે. એર ઈન્ડિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે, ભારતમાં વિશ્વમાં સૌથી વધુ કોમર્શિયલ મહિલા પાઈલટ છે. ઉડ્ડયન ક્ષેત્રે કારકિર્દી બનાવી રહેલી વધુ ભારતીય મહિલાઓ સાથે અમે કાર્યબળમાં લિંગ સમાનતા હાંસલ કરી રહ્યા છીએ. આજે એર ઈન્ડિયામાં અમારી સાથે મહિલા કર્મચારીઓ ઉપર અમને ગર્વ છે અને મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ થઈ શકે છે તેવો શક્તિશાળી સંદેશ મોકલવા બદલ અમે દરેકનો આભાર માનીએ છીએ, તેમણે કહ્યું. એર ઈન્ડિયા એક્સપ્રેસ અને એર એશિયા ઈન્ડિયામાં એક તૃતીયાંશ કરતાં વધુ કર્મચારીઓ મહિલાઓનો સમાવેશ કરે છે. ફાઈનાન્સ, કોમર્શિયલ, માનવ સંસાધન, ગ્રાહક સુખ, ફ્લાઈટ ટ્રેનિંગ, ટેક્નોલોજી, ફ્લાઈટ ડિસ્પેચ, એન્જિનિયરિંગ, સેફ્ટી અને ઓપરેશન્સ કંટ્રોલ સહિતના વિવિધ વિભાગોમાં કેટલીક મહિલાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે.

શું ૨૦૧૪-૧૫થી ભારતની માથાદીઠ આવક ખરેખર બમણી થઈ ગઈ છે ? અને શું તે લોકોના વિકાસનું વિશ્વસનીય સૂચક છે ?

નવી દિલ્હી, તા.૧૩

માત્ર આંકડાના સંદર્ભમાં જોઈએ તો ભારતની માથાદીઠ આવક ૨૦૧૪-૧૫થી લગભગ બમણી થઈ ગઈ છે, પરંતુ અગાઉના વર્ષોમાં જોવા મળેલી વૃદ્ધિ ઘણી ઓછી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલ મુજબ ૨૦૧૪-૧૫માં માથાદીઠ રાષ્ટ્રીય આવક (વર્તમાન ભાવે) ૮૬,૬૪૭ રૂપિયા હતી. તે હવે ૧૭૨,૦૦૦ રૂપિયા છે. આ ૯૮.૫%નો વધારો દર્શાવે છે. ૨૦૧૪-૧૫ સુધીના આઠ વર્ષ દરમ્યાન જોવા મળેલી ૧૫૭% વૃદ્ધિ કરતાં તે હજુ પણ ઓછી છે. માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય આવક ૨૦૦૬-૦૭માં રૂા. ૩૩,૭૧૭થી વધીને ૨૦૧૪-૧૫માં રૂા.૮૬,૬૪૭ થઈ હતી.

માથાદીઠ આવક એ ચોક્કસ વર્ષમાં વ્યક્તિ દીઠ સરેરાશ આવકનું માપ છે. તેની ગણતરી વિસ્તારની કુલ આવકને તેની કુલ વસ્તી દ્વારા વિભાજિત કરીને કરવામાં આવે છે. એ નોંધવું અગત્યનું છે કે જો કોઈ દેશની માથાદીઠ આવક વધી છે, તો તેનો અર્થ એ નથી કે સમગ્ર વસ્તીની આવક વધી છે. આ ડેટા હંમેશા જીવનધોરણનું ચોક્કસ પ્રતિનિધિત્વ પ્રદાન કરતું નથી. તે આવકની અસમાનતા માટે પણ જવાબદાર નથી. માથાદીઠ આવક બમણી થવા અંગે અર્થશાસ્ત્રી જયતિ ઘોષે કહ્યું કે, તમે વર્તમાન ભાવમાં જીડીપી જોઈ રહ્યા છો, પરંતુ જો તમે ફુગાવાને ધ્યાનમાં લો છો, તો આ વધારો ઘણો ઓછો છે. આમાંનો મોટાભાગનો વધારો વસ્તીના ટોચના ૧૦% લોકો પાસે આવ્યો છે. તેનાથી વિપરીત, સરેરાશ વેતન ઘટી રહ્યું છે, અને કદાચ વાસ્તવિક દ્રષ્ટિએ તેનાથી પણ ઓછું છે.

વધુમાં, NSO ડેટા એ દર્શાવતો નથી કે આ વર્ષોમાં સંપત્તિનું વિતરણ કેવી રીતે થયું છે. આ તે તારણોના સંદર્ભમાં છે જે ભારતમાં શ્રીમંત અને ગરીબો વચ્ચેનું વિસ્તરણ દર્શાવે છે, ખાસ કરીને COVID-19 રોગચાળા પછી ઓકસફેમ ઈન્ડિયાના અહેવાલમાં જણાવાયું છે કે ભારતની ટોચની ૧% વસ્તી ૨૦૨૧માં કુલ સંપત્તિના ૪૦.૫%થી વધુની માલિકી ધરાવે છે, જ્યારે નીચલા ૫૦% અથવા ૭૦૦ મિલિયન લોકો પાસે કુલ સંપત્તિના લગભગ ૩% છે. વધુમાં, રોગચાળા દરમ્યાન ધનિકો વધુ સમૃદ્ધ થયા, અને વાસ્તવિક દ્રષ્ટિએ તેમની સંપત્તિમાં ૧૨૧% અથવા દરરોજ રૂા. ૩,૬૦૮ કરોડનો વધારો થયો હતો. તેથી, જો કોઈ દેશની માથાદીઠ આવક વધી છે, તો તેનો અર્થ એ નથી કે સમગ્ર વસ્તીની આવક પણ વધી છે. જેએનયુના નિવૃત્ત પ્રોફેસર અરૂણ કુમારે કહ્યું કેઃ તમારી આવકનું સ્તર સમાજના કલ્યાણનું સ્તરર સૂચવે છે. કારણ કે સમાજના કલ્યાણમાં ઘણી બધી બાબતો છે જેમ કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, અને કેવા પ્રકારનું પોષણ અને અન્ય ઘણા પરિબળો છે. વ્યાપક રીતે, માનવ વિકાસ સૂચક રાષ્ટ્રીય આવક સૂચક સાથે હોય છે અને રાષ્ટ્રીય આવક એ સૂચક બતાવે છે કે માથાદીઠ આવક કેટલી છે. પરંતુ તે એ હકીકતને છુપાવે છે કે અમીરો મોટા ભાગના લાભો મેળવી રહ્યા છે, અને ગરીબોને વધુ લાભ મળી રહ્યો નથી. તેથી માથાદીઠ આવક એ માત્ર સરેરાશ આવકનું સૂચક છે. તેથી, આ માથાદીઠ આવક નીચલા સેગમેન્ટના કલ્યાણનું યોગ્ય માપન કરતી નથી. તે ઉપલા સેગમેન્ટના કલ્યાણને પ્રતિબિંબિત કરી શકે છે. વધુમાં, ભારતમાં માત્ર ૬% જેટલા કામદારો સંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે; બાકીના ૯૪% અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને તેમની આવક વધી નથી. જાન્યુઆરીમાં જારી કરાયેલા મોતીલાલ ઓસ્વાલ સિક્યોરિટીઝના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં પરિવારોની ચોખ્ખી નાણાકીય બચત ઘટીને ત્રણ દાયકાની નીચી સપાટીએ પહોંચી જવાનો અંદાજ છે. આ રિપોર્ટમાં એપણ સંકેત આપવામાં આવ્યો છે કે લોકોએ મૂળભૂત જરૂરિયાતો ઉપર ખર્ચ કરવા માટે ઉધાર પણ લેવું પડી શકે છે. આ ડેટા શા માટે અચોક્કસ છે તે સમજાવતા, તેમણે કહ્યું કે ભારતનું અસંગઠિત ક્ષેત્ર વિશાળ છે, જેમાં આશરે ૧૧૦ મિલિયન ખેડૂતો છે, સૂક્ષ્મ ક્ષેત્રો જે MSME ક્ષેત્રના ૯૭.૫% ને રોજગારી આપે છે, તેથી લગભગ ૪૫૦ મિલિયનના કાર્યબળમાંથી, લગભગ ૩૭ મિલિયન ખેડૂતો છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનું અસંગઠિત ક્ષેત્ર ઘટી રહ્યું છે કારણ કે માંગ સંગઠિત ક્ષેત્રમાં બદલાઈ રહી છે. દાખલા તરીકે, COVID-19 રોગચાળા દરમ્યાન અને પછી, મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ વર્ગના લોકોએ કિરાણા સ્ટોર ઉપર જવાને બદલે ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપરથી ઓર્ડર આપવાનું શરૂ કર્યું છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટડીઝ ઈન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટના ડિરેક્ટર નાગેશ કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે માથાદીઠ આવકમાં વાસ્તવિક રીતે વધારો થયો છે અને તે વધતી સમૃદ્ધિને દર્શાવે છે. જોકે, નોંધનીય બાબત એ છે કે માથાદીઠ આવક એ ભારતીયોની સરેરાશ આવક છે. તે વધતી અસમાનતાને ઢાંકી દે છે. ઉચ્ચ સ્તરે આવક વધી છે અને આવકના નીચલા સ્તરે રહેલા લોકોની આવકમાં કદાચ બહુ ફેરફાર થતો નથી. તેમણે કહ્યું હતું કે ભારત વિશ્વના અર્થતંત્રમાં એક તેજસ્વી સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આંતર મહાવિદ્યાલયો, પોલીટેકનીકો ખેલકૂદ સ્પર્ધાઓ યોજાઈ

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની આંતર મહાવિદ્યાલયો/પોલીટેકનીકો ખેલકૂદ સ્પર્ધાઓનું કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢઅને કૃષિ પોલિટેકનીક, સીદસરના યજમાનપદે તારીખ ૧૦ અને ૧૧, માર્ચ – ૨૦૨૩ યુનિવર્સિટીના જૂનાગઢ જીમખાના મેદાન ખાતે સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ. આ આંતર મહાવિદ્યાલય / પોલીટેકનીક ખેલકૂદ સ્પર્ધાઓના વિવિધ પ્રકારની ઈવેન્ટ જેમકે દોડ, ચક્કફેક, બરછી ફેક, ગોળા ફેક, હાઈ જમ્પ, લોન્ગજમ્પ, વગેરેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની પાંચ વિદ્યા શાખાઓ તથા છ પોલીટેકનીકોના કુલ ૧૮૨ સ્પર્ધકોએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

આ આંતર કોલેજ ખેલકુદ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. વી.પી ચોવટીયા, ઉદઘાટક અને મુખ્ય મહેમાન કોમર્સ અને લો કોલેજના પ્રિન્સીપાલ ડો. એમ. પી. ત્રાડા, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના નિયામક ડો. આર. એમ. સોલંકી, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ. એન. ગાજીપરા, કૃષિ ઈજનેરી વિદ્યા શાખાના પ્રિન્સીપાલ અને ડીન ડો. એન. કે.ગોટીયા, વિવિધ વિદ્યા શાખાના પ્રિન્સીપાલો ડો. એસ. જી. સાવલિયા, ડો. ડી. કે. વરૂ, ડો. સી. ડી.લખલાણી, કૃષિ પોલિટેકનીક-સીદસરના આચાર્ય ડો. કે. બી. પટેલ, કાર્યપાલક ઈજનેર ભરતસિંહ તથા કૃષિ ઈજનેરી મહા વિદ્યાલયના જીમખાના ચેરમેન ડો. સંજય ચોલેરા વગેરે પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્યથી ઉદ્ઘાટન કરવામાં આવેલ. આ ઉદ્ઘાટન સમારોહમાં ડો.એન. કે.ગોટીયા દ્વારા ઉપસ્થિત સર્વેનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. સમારોહના અધ્યક્ષ ડો. વી. પી. ચોવટિયા દ્વારા વિદ્યાર્થીઓને ખેલદિલી પૂર્વક રમવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા ત્યારબાદ મુખ્ય મહેમાન ડો. એમ. પી. ત્રાડા દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનથી મુક્ત રહેવા અને મોબાઈલનો શૈક્ષણિક હેતુ માટે જ ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવેલ. જયારે ડો. આર. એમ.સોલંકીએ ઉપસ્થિત સ્પર્ધકોને ખેલદિલીપૂર્વક રમીને તેમનું કૌશલ્ય બતાવવા માટે અનુરોધ કરેલ. કાર્યક્રમને અંતે ઉપસ્થિત સર્વેનું આભાર દર્શન કૃષિ પોલિટેકનીકનાં આચાર્ય ડો. કે. બી. પરમાર દ્વારા કરવામાં આવેલ. જયારે સમગ્ર ઉદ્ઘાટન સમારોહનું સુદર સંચાલન યુવા મદદનીશ પ્રાધ્યાપક ડો. પી. આર. દાવરા કરવામાં આવેલ. વિવિધ ખેલકુદ સ્પર્ધાના અંતે તારીખઃ ૧૧.૦૩.૨૦૨૩ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ઈન્ડોર સ્પોર્ટ્સ સ્ટેડીયમ ખાતે વિજેતાઓનો ઈનામ વિતરણનો સમારોહ યોજાયેલ, જેમા વિજેતાઓને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. વી.પી ચોવટીયા, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના નિયામક ડો. આર. એમ. સોલંકી, કૃષિ ઈજનેરી કોલેજના પ્રિન્સીપાલ અને ડીન ડો. એન. કે.ગોટીયા, કૃષિ યુનિવર્સીટીના કુલસચિવ ડો.પી. એમ. ચોહાણ, બાગાયત કોલેજના પ્રિન્સીપાલ અને ડીન ડો. ડી. કે. વરૂ, કૃષિ પોલિટેકનીકના આચાર્ય ડો. કે. બી. પટેલ તથા કૃષિ ઈજનેરી કોલેજના જીમખાના ચેરમેન ડો. સંજય ચોલેરા વગેરે પદાધિકારીઓ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવેલ. ઉપસ્થિત મહેમાનોનું શબ્દરૂપી પુષ્પથી સ્વાગત ડો. કે. બી. પરમાર દ્વારા કરવામાં આવેલ હતું. જયારે આભાર દર્શનજીમખાનાનાં ચેરમેન ડો.સંજય ચોલેરા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા કૃષિ ઈજનેરી વિદ્યા શાખાના ડો. એમ. એસ. દુલાવત, મિતેશ દવે તેમજ ફીઝીકલ ઈન્સ્ટ્રકર્સ્ઓ કાનાણી તથા દિનેશ ભૂત તેમજ વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના પાર્થ માથુકીયા, હાર્દિક પટેલ તેમજ અન્ય સ્ટાફ મેમ્બરોએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

સોમનાથ–વેરાવળ એસટી તંત્ર ૧૪ માર્ચથી શરૂ થતી બોર્ડની પરીક્ષાઓ માટે સજ્જ

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૩

આગામી ૧૪ માર્ચથી ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહયો છે. ત્યારે સોમનાથ-વેરાવળ એસટી ડેપોના મેનેજર દયારામબાપુ મેસવાણીયાએ જણાવ્યું છે કે, પરીક્ષાના આ દિવસો દરમ્યાન લોકલ કે એકસપ્રેસ કોઈપણ રૂટ કેન્સલ ન કરવાનો ઉપરથી આદેશ મળેલ છે. અને ગ્રામ્ય વિસ્તારમાંથી એસટી બસો દ્વારા પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓને સરળતા-સમયસરતા દાખવવા સ્ટાફ ને સુચના અપાઈ છે.

ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના આદેશ અનુસાર બોર્ડની પરીક્ષાઓ દરમ્યાન ખાસ સ્ટેન્ડ ઉપર ઉભેલા વિદ્યાર્થીઓને બસમાં ફરજીયાત બેસાડવાના રહેશે. જો બસામાં જગ્યા ન હોય તો મુસાફરોને આઘા-પાછા કરીને વિદ્યાર્થીઓને બેસાડવાના જ રહેશે અને નિયત બસ સ્ટોપ ઉપર ઉતારવાના રહેશે.

બોર્ડની પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે એસટી નિગમે ખાસ સુચનાઓ જારી કરી છે અને આ આદેશની જાણ ડેપો મેનેજરે સ્ટાફના તમામ ડ્રાઈવરો-કન્ડકટરોને કરી તે પણ કર્યા બદલ તેઓની સહીઓ લેવાની રહેશે.

ઉપરાંત આદેશનો ભંગ કર્યાની કોઈ ફરીયાદ મળશે તો તે રૂટના બસના કંટકટર-ડ્રાઈવર સામે સખ્ત ખાતાકીય કાર્યવાહી થશે. આમ સોમનાથ-વેરાવળ એસટી તંત્ર આગામી બોર્ડની પરીક્ષાઓ માટે સજ્જ રહેશે.

જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા મહિલા દિનની થયેલ ઉજવણી

જૂનાગઢ, તા.૧૩

જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા તા.૧૧/૩/૨૦૨૩ના રોજ આંતરરાટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિતે જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા બેનોને આત્મનિર્ભરને પગ ભર બનાવવા માટે લિક્વિડ કેમિકલ્સ બનાવવાની ટ્રેનિંગ ઈક્વિટાસ ટ્રસ્ટ દ્વારા અમદાવાદથી આવેલ મિલનભાઈ વાઘેલા દ્વારા શીખડાવવામાં આવેલ છે જેમાં ૧૦૦ બેનો જેટલા ભાગ લીધેલ અને ૧૮૧ મહિલા અભયમ મહિલા પોલીસ સ્ટેશન મહિલા આયોગ નારી અદાલત સખી વન સ્ટોપ સેન્ટર માનવ અધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગા વાહિની, વન મેન આર્મી, ઓન્લી ઈન્ડિયન, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, આશાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ આ બધા તમામ સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવેલ અને બહેનોને લગતી બધી જ પ્રકારની સરકારી માહિતી આપેલ જેમાં જાગૃત જનસેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ રજીસ્ટ્રેશન થયેલી સંસ્થાના તમામ હોદ્દેદારો હાજર રહેલા હતા અને આ અમારા મહેમાનો અને મારા જૂનાગઢ અને બહાર ગામથી આવેલ વાલી મારી બેનો અમારા કાર્યક્રમને સફળ બનાવ્યો આ કાર્યક્રમની પ્રમુખ સીમાબેન મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

ભારતના સંવેદનશીલજાહેર ક્ષેત્રોની સંસ્થાને સુરક્ષા કવચ પુરી પાડતી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સની સ્થાપના ૧૦ માર્ચ ૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી. દેશની ઉમદા અને કુશળ સંસ્થા તરીકે પ્રસ્થાપિત થનાર આ ફોર્સની સ્થાપનાનો મુખ્ય હેતુ ભારતના સંવેદનશીલ જાહેરક્ષેત્રોને સુરક્ષા પ્રદાન કરવાનો છે. ૧૫ જૂન ૧૯૮૩ના ભારતીય સંસદ દ્વારા સી.આઈ.એસ.એફ.ને ભારતનું સશસ્ત્ર દળ બનાવવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ૧૦ માર્ચના દિવસે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલય હેઠળ ભારતીય સશસ્ત્ર સેનામાં ચાર મુખ્ય સેનાઓ છે. જેમાં થલસેના, વાયુસેના, જલસેના, કોસ્ટગાર્ડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતની અર્ધલશ્કરી સેનાઓ જેવી કે આસામ રાઈફલ્સ, બોર્ડર સિક્યોરીટી ફોર્સ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ ફોર્સ, નેશનલ સિક્યુરિટી ગાર્ડઝ, સશસ્ત્ર સીમા બલ, સહિતની સેનાઓ ગૃહ મંત્રાલય હેઠળ સમાવિષટ થયેલી છે.

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ અંતર્ગત દેશની અગત્યની જાહેર સંસ્થાઓ જેવીકે પરમાણુ સંસ્થાઓ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પાવર પ્લાન્ટ્સ વગેરે જેવી ભારતની સૌથી મહત્વપૂર્ણ સંસ્થાઓને રક્ષણ મળે છે. તેમજ આ ફોર્સ તમામ મહત્વપૂર્ણ સરકારી ઈમારતો, પ્રતિષ્ઠિત હેરિટેજ સ્મારકો અને દિલ્હી મેટ્રોનું પણ રક્ષણ કરે છે. ફોર્સ પાસે એક વિશિષ્ટ વી.આઈ.પી. સુરક્ષા વર્ટિકલ પણ છે જે મહત્વપૂર્ણ રક્ષકોને ચોવીસ કલાકની સુરક્ષા પૂરી પાડે છે. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ખાનગી કોર્પોરેટ સંસ્થાઓને પણ સી.આઈ.-એસ.એફ.સુરક્ષા કવચ તેમજ સુરક્ષા કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડે છે. તેમજ આતંકવાદ સહિત કોઈ પણ ખતરાનો સફળતાપૂર્વક જવાબ આપવા માટે હંમેશા સજ્જ રહે છે. સી.આઈ.એસ.એફ. એક માત્ર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ છે. જે પોતાના વ્યાવસાયિક કૌશલ્યોને સતત અપગ્રેડ કરવા માટે પ્રતિબદ્ધ છે. પોતાની ફાયર વિંગ ધરાવતી સી.આઈ.એસ.એફ. ડિઝાસ્ટર મેનેજમેન્ટના સમયે ઈન્ડસ્ટ્રીઝમાં આગની દુર્ઘટનાને રોકવા માટે મદદરૂપ બને છે.

આલેખન : રિધ્ધિ ત્રિવેદી

સોશિયલ મીડિયા ઉપર વીડિયો વાયરલ

એક શખ્સના અવાજથી દોડતા આવ્યા કાગડા, લોકો નજારો જોઈને ચોંકી ઉઠ્યા

નવી દિલ્હી, તા. ૧૩

સોશિયલ મીડિયા ઉપર અનેક વીડિયો વાયરલ થતા હોય છે. આપણે રોજ કોઈને કોઈ વીડિયો જોઈને અચંબિત થઈ જઈએ છીએ. ઘણા વીડિયોમાં લોકોનું ટેલેન્ટ જોઈને આપણે વિશ્વાસ નથી કરી શકતા. હલમાં આવો જ એક વીડિયો સોશિયલ મીડિયો પર વાયરલ થઈ રહ્યો છે. કોઈમાં એવી ટેલેન્ટ છે કે દરેકના હોશ ઉડી જાય છે. તમે ઘણા લોકોને પશુ-પક્ષીઓના અવાજો કાઢતા જોયા હશે. પણ તેની એક હાકલ પર પશુઓનું ટોળું કે પક્ષીઓનું ટોળું ભેગું થઈ જાય છે, આવો નજારો માત્ર ફિલ્મોમાં જ જોવા મળે છે. પરંતુ આ વખતે તે હકિકતમાં બન્યું છે અને તેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આમાં જોઈ શકાય છે કે વ્યક્તિએ કાગડાના અવાજમાં મહારત મેળવી લીધી છે. જેવો તે અવાજ કરે છે કે તરત જ એક આશ્ચર્યજનક દ્રશ્ય જોવા મળે છે. વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં તમે જોશો કે એક વ્યક્તિ ખુલ્લા મેદાનમાં આવે છે અને તેની સાથે ઘણા મિત્રો પણ દેખાય છે. પ્રથમ તે દર્શાવે છે કે આકાશ એકદમ સ્વચ્છ છે અને કોઈ પક્ષી દેખાતું નથી. પછી તે વ્યકિત કાગડાનો અવાજ કરવા લાગે છે અને થોડી જ વારમાં આખું આકાશ કાગડાઓથી ભરાઈ જાય છે. આ નજારો જોઈને સ્થળ પર હાજર તમામ લોકો હચમચી ગયા હતા. તેઓ પોતાની આંખો પર પણ વિશ્વાસ કરી શકતા ન હતા. આ વીડિયો **ghantaa** નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કરવામાં આવ્યો છે. કેપ્શનમાં લખ્યું છે, 'કો મેન ઓફ ઈન્ડિયા'.

વીડિયોને લાખો વ્યૂઝ અને લાઈકસ મળ્યા છે. વીડિયો પર લોકો વિવિધ પ્રતિક્રિયા આપી રહ્યાં છે. આ નજારો જોઈને સ્થળ પર હાજર તમામ લોકો હચમચી ગયા હતા, તેઓ પોતાની આંખો પર પણ વિશ્વાસ કરી શકતા ન હતા ઘણા લોકો આ જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગયા છે કે આવું તો કેવી રીતે થઈ શકે છે. તો ઘણા લોકો શખ્સના ટેલેન્ટથી ઈમ્પ્રેસ થયા હતાં.

પતિ-પત્નીની ઉંમરમાં કેમ વધારે અંતર ન હોવું જોઈએ? વિજ્ઞાન શું કહે છે?

કહેવાય છે કે 'Age is just a number', આ વાત મોટીવેશન માટે સારી છે, પરંતુ સંબંધોની વાત કરીએ તો તેનો અર્થ માત્ર સંખ્યા પૂરતો મર્યાદિત નથી. જેમ જેમ તમે મોટા થાઓ છો તેમ તેમ તમારૂં પરિપક્વતા સ્તર અને અનુભવ પણ વધે છે. આવી સ્થિતિમાં દરેક વયજૂથ સાથે સુમેળમાં સાધવો સરળ નથી. ખાસ કરીને કપલ્સ વચ્ચે ઉંમરનો વધુ તફાવત ન હોવો જોઈએ નહીં તો સંબંધોમાં તિરાડઆવવાની શક્યતા વધી જાય છે.

આપણે નહીં, વિજ્ઞાન કહે છે. જો કે ઘણા સેલેબ્સ આ વાતને ખોટી પણ સાબિત કરી ચૂક્યા છે. મિલિંદ સોમન અને અંકિતા, શાહિદ કપૂર અનેમીરા, સૈફ અલી ખાન અનેકરીના, દિલીપ કુમાર અનેશાયરા બાનુ, ધર્મેન્દ્ર અને હેમા માલિની જેવા ઘણા ઉદાહરણો છે, જેમણે ઉંમરના મોટા તફાવત હોવા છતાં તેમના સંબંધોને સારી રીતે સંચાલિત કર્યા છે. પરંતુ ફરહાન અખ્તર અને અધુના, સૈફ અલી ખાન અને અમૃતા સિંહ, આમિર ખાન અને કિરણ રાવ, લિએન્ડર પેસ અને રિયા પિલ્લઈ જેવા ઘણા ઉદાહરણો છે, જેમની વચ્ચે ઉંમરના તફાવતની અસર સ્પષ્ટ દેખાતી હતી. આ કારણે સંબંધોમાં સુસંગતતાની સમસ્યા આવી અને અંતે લગ્ન છૂટાછેડામાં સમાપ્ત થયા. આ ઉદાહરણો જોયા પછી વિજ્ઞાન આ બાબતમાં સંપૂર્ણપણે ખોટું ન કહી શકાય.

આ સિવાય એ વાત પણ ધ્યાન રાખવા જેવી છે કે જે સંબંધોમાં પત્નીની ઉંમર મોટી હોય છે, તે સંબંધોમાં સમસ્યાઓ વધુ હોય છે. આ જ કારણ છે કે પહેલાના જમાનામાં લગ્ન માટે હંમેશા મોટી ઉંમરનો છોકરો જોવા મળતો હતો. આવો જાણીએ કે પતિ-પત્નીની ઉંમરમાં શું તફાવત હોવો જોઈએ અને છોકરા માટે મોટા થવું શા માટે સારું માનવામાં આવે છે?

પહેલાના જમાનામાં પુરુષ પરિવાર અને ઘરની સ્ત્રીની જવાબદારી લેતો હતો. તે સમયે ફક્ત પુરુષો જ ઘરની બહારના તમામ મહત્વપૂર્ણ નિર્ણયો લેતા હતા, પરિવારમાં તેમની સંમતિ વિના કંઈ જ થતું ન હતું. આવી સ્થિતિમાં પુરૂષ શક્તિની અસર રહી, આ કારણથી તેણે એક એવી યુવતી સાથે લગ્ન કર્યા જે ઘરની સંભાળ રાખે અને પતિનું સન્માન કરે અને બધું સાંભળે અને સમજે.

આજના સમયમાં છોકરો અને છોકરી બંને સંપૂર્ણપણે સ્વનિર્ભર છે, તેથી ઉંમરમાં કોણ મોટું છે, તેમને કોઈ ફરક પડતો નથી. પરંતુ જો તમે આને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોશો, તો તમને સમજાશે કે પતિ-પત્નીના સંબંધોમાં પતિ માટે મોટું હોવુ શા માટે જરૂરી છે.

પતિ કેમ મોટો હોવો જોઈએ ?

તમામ અભ્યાસ દર્શાવે છે કે છોકરીઓ છોકરાઓ કરતા વધુ પરિપક્વ હોય છે. આવી સ્થિતિમાં જો છોકરાના લગ્ન તેની જ ઉંમરની કે તેથી વધુ ઉંમરની છોકરી સાથે થાય તો પત્ની માનસિક રીતે તેના કરતાં વધુ પરિપક્વ હશે. આવી સ્થિતિમાં બંને વચ્ચે અહંકારની સમસ્યા વારંવાર સામે આવશે. તે પતિ જે કહે છે તે બધું સાંભળી શકશે નહીં અને ઓછા પરિપક્વ હોવાને કારણે તે તેને તે સન્માન આપી શકશે નહીં જે પતિ તેની પાસેથી અપેક્ષા રાખે છે. સ્વાભાવિક છે કે બંને વચ્ચે ઝઘડો વધશે.

આ ઉપરાંત, હોર્મોનલ ફેરફારોને કારણે છોકરી શારીરિક રીતે છોકરા કરતાં વધુ ઝડપથી વૃદ્ધ દેખાય છે. જો મોટી પત્ની જલ્દી વૃદ્ધ દેખાવા લાગે તો પતિનું પત્ની પ્રત્યેનું આકર્ષણ ઓછું થઈ જાય છે. બંને વચ્ચે યોગ્ય તાલમેલ બેસી શકશે નહીં. આપણા સમાજમાં આજે પણ પરિવાર ચલાવવાની જવાબદારી પુરુષ પર છે. આવી સ્થિતિમાં, જ્યારે સમાન વયના યુગલ હોય ત્યારે સન્માનનો અભાવ જોવા મળે છે. વળી, માણસને પણ પોતાની જવાબદારીનું પૂરેપૂરું ભાન નથી. એટલા માટે જો પુરુષની ઉંમર સ્ત્રી કરતાં વધુ હોય, તો તેનામાં સંવાદિતા સારી છે. એકબીજા પ્રત્યે આદર, આકર્ષણ રહે છે અને સંબંધ વધુ મજબૂત બને છે.

જૂનાગઢ લો કોલેજમાં વકીલાતના પ્રેક્ટિકલ જ્ઞાનઅર્થે કાયદાના વિદ્યાર્થીઓ વચ્ચે "મુટકોર્ટ" સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન

સોરઠના પ્રખર કેળવણીકાર-માજી સાંસદ સ્વ. નાનજીભાઈ વેકરીયાની સ્મૃતિમાં ભાવિ વકિલોને કેસોના અભ્યાસાર્થે નવતર પ્રયોગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૩

જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ-જૂનાગઢ દ્વારા સોરઠના પ્રખર કેળવણીકાર-માજી સાંસદ સ્વ. નાનજીભાઈ વેકરીયાના સ્મૃતિમાં કાયદાના વિધાર્થીઓ-ભાવિ વકિલોને કેસોના અભ્યાસાર્થે નવતર પ્રયોગના ભાગરૂપે ગુજરાતી માધ્યમમાં દ્વિતીય નાનજીભાઈ વેકરીયા મેમોરીયલ મુટકોર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. મુટકોર્ટ સ્પર્ધાનો પ્રારંભ કાર્યક્રમના અધ્યક્ષ જયુડિશિયલ ઓફિસર આર.કે.જાની, લો કોલેજના પ્રિન્સિપાલ ડો. પરવેઝ બ્લોચ, ડો.એન.જી.મહેતા, પોદાર સ્કૂલના ચૌહાણ તેમજ કોલેજના અધ્યાપકોદ્વારા દિપ પ્રાગટયકરી સંસ્થાના આધ્ય સ્થાપક સ્વ. નાનજીભાઈ વેકરીયાને સ્મરણાંજલી અર્પી કરવામાં આવી હતી. સ્પર્ધાના અધ્યક્ષ તરીકે જયુડિશિયલ ઓફિસર આર.કે.જાનીએ સર્વે ટીમોએ તૈયાર કરેલ કેસોનુ નિરિક્ષણ કરી પરિણામ જાહેર કર્યુ હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોને શાલ ઓઢાડી તેમજ મોમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા. મુટકોર્ટ સ્પર્ધા અંતર્ગત સ્વાગત પ્રવચન કરતા ડો. એન.જી.મહેતાએ મુટકોર્ટ અંગે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપતા લો કોલેજના પ્રિન્સિપાલ ડો.પરવેઝ બ્લોચે મુટકોર્ટના મહત્વ અંગે તલસ્પર્શી માહિતી આપતા જણાવ્યું હતું કે, વકિલાતનું પ્રેકટીકલ જ્ઞાન મેળવવા મુટકોર્ટ અતિ આવશ્યક બની રહે છે. આ સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યશાર્થીઓ દ્વારા ભારતીયદંડ સંહિતાની કલમ:૩૦૨, ૩૦૭, ૪૦૬, ૪૨૦, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ ૧૨૫, ભ્રષ્ટાચાર નાબૂદી ધારો, માદક પદાર્થોને લગતા કાયદાઓને લગતા કેસો અંગેના કેસોની કોર્ટમાં ચાલતી પ્રકિયા કરી જજમેન્ટ સુધીની પ્રક્રિયા કરવામાં આવી હતી. સરકારી વકિલ અને આરોપી તરફે રોકાતા એડવોકેટ બની વિધ્યાર્થીઓએ આખો કેસ ચલાવ્યો હતો. સ્પર્ધાના અધ્યક્ષ જજ આર.કે.જાનીએ પરિણામ સંદર્ભે રજૂ કરેલ કેસનું માળખું, કોર્ટ પ્રોસિડિંગને મહત્વ, તર્કસંગત દલીલો, કેસમાં કાયદાનું અર્થઘટન, શકવર્તી ચૂકાદાઓને ધ્યાનમાં રાખી ૧૦ ટીમોમાંથી અગ્રતાક્રમ આપ્યો હતો. મુટકોર્ટમાં પ્રથમ, દ્વિતીય અને ત્રીજો ક્રમ મેળવનાર ટીમોને ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ વેકરીયા તરફથી ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ તેમજ કોલેજ તરફથી ટ્રોફિ આપી સન્માનિત કરાયા હતા. મુટકોર્ટ સ્પર્ધાને સફળ બનાવવા કોલેજના અધ્યાપક ડો.કે.બી.રાઠોડ, ડો.એસ.જી.ધાનાણી, મુ.વ્યાખ્યાતા ટી.ડી.પરમાર અને કુ. એમ.કે.ગોંધીયા સહિતના વહિવટી સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજી જૂનાગઢ સિવિલ હોસ્પિટલના થેલેસેમીયાગ્રસ્ત બાળકોના વહારે આવતો જૂનાગઢનો પાટીદાર સમાજ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

ગઈકાલે રવિવારના દિવસે પાટીદાર સમાજની સામાજિક સંસ્થાઓ સરદાર પટેલ કર્મચારી મંડળ અને ઉમાં ફ્રેન્ડ્સ ઓર્ગેનાઈઝેશન (UFO) દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે લોહીની અછત હોવાના રોજબરોજના ન્યુઝ પેપરમાં સમાચાર મળતાં પાટીદાર સમાજની બંને સંસ્થા દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોની વહારે આવવાનો નિર્ધાર કરેલ જેના અનુસંધાને ગિરનાર પબ્લિક સ્કૂલમાં યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૮૪ જેટલા રક્ત દાતાઓએ રક્તદાન કરીને સાચા અર્થમાં માનવતાની મહેક પ્રસરાવેલ છે.

આ પ્રસંગે જૂનાગઢના યુવા અને એક્ટિવ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ તેમજ લેઉઆ પટેલ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન જે. કે. ઠેસિયા, ડી. ડી. બેરા, જેન્તીભાઈ વઘાસીયા, નયનાબેન વઘાસીયા, હરસુખભાઈ વઘાસીયા, અમુભાઈ પાનસુરીયા તેમજ સવજીભાઈ મેનપરા - મેનેજિંગ ટ્રસ્ટી પટેલ કેળવણી મંડળ, રતિભાઈ મારડિયા, મધુબેન કણસાગરા, અનિલભાઈ માકડિયા, સચિનભાઈ ભૂત તેમજ ગિરનાર પબ્લિક સ્કૂલના કેમ્પ ડાયરેક્ટર બાધુભાઈ ડોબરીયા, તેમજ પ્રવીણભાઈ ભાડજા, નટવરભાઈ કનેરિયા, ડી. કે. મકવાણા, અક્ષય કનેરિયા, મયુર સુરેજા, વિશાલ નાંદપરા, ભગવાનજી સા, હેમંતભાઈ ગરધરીયા આ ઉપરાંત સરદાર પટેલ કર્મચારી મંડળ વતી પી. ડી. ગજેરા, રમેશભાઈ રૂપાપરા, નિલેશ બાબરીયા, સંજય બાબરીયા, મહેશ મોણપરા, કિરીટ ઘઉંવા, મંત્રી જે. એલ. કાછડીયા, શૈલેષ ભૂવા, અલ્પેશ વેકરીયા, રમણીકભાઈ કુંભાણી, જયંતીભાઈ વસોયા, ગોપાલભાઈ વાગડિયા, ધીરુભાઈ દોમડીયા એવું થયું અને કપિલ સુદાણી હાજર રહેલ. આ તકે ઉપસ્થિત રહેલ ધારાસભ્યશ્રી એ જણાવેલ કે બંને સમાજની સામાજિક સંસ્થાઓએ પ્રજાહિત માટે એક થવાની આ બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા રાહ ચીંધી છે અને પાટીદાર સમાજ હંમેશા સામાજિક ક્રાંતિ માટે જાણીતો છે તેનું આ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે. આ તકે ઉપસ્થિત જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ દ્વારા સૂચક ટકોર કરવામાં આવેલ કે પાટીદાર સમાજ હંમેશા આપનારો સમાજ છે અને સંઘે શક્તિ કલો યુગે યુક્તિ પ્રમાણે બંને સમાજો એકમેક થવાથી સંગઠનની તાકાત વધશે અને સામાજિક કાર્યો કરવા માટેની શકિત વધશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગી સંસ્થાઓ જેવીકે, લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ, SBI દ્વારા દરેક રક્તદાતાઓ ને પાણીની બોટલ ભેટ સ્વરૂપે આપેલ. આ ઉપરાંત સહયોગી સંસ્થાઓ જેવીકે ખોડલધામ સમિતિ, ઉમા પદયાત્રા સમિતિ, HDFC બેંક, રાજેશ યાદવ - બજાજ એલિયન્સ લાઈફ ઈનસ્યોરન્સ અને સિવિલ હોસ્પિટલ જૂનાગઢ તથા બાપા સીતારામ ગ્રુપ દ્વારા પૂરતો સહયોગ મળેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરદાર પટેલ કર્મચારી મંડળના પ્રમુખ હરેશભાઈ વઘાસીયા તેમજ ઉમા ફ્રેન્ડસ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ મુકુંદભાઈ હીરપરા તેમજ બંને સંસ્થાના કારોબારી સભ્યો દ્વારા જહેમત ઉઠાવેલ આ તકે બંને સંસ્થાના પ્રમુખ દ્વારા નિર્ધાર કરેલ છે કે આવનારા દિવસોમાં સામાજિક કાર્યો માટે બંને સંસ્થાઓ જ્યારે જરૂર પડશે ત્યારે ખંભે ખંભો મિલાવી કામ કરવાની નેમ રાખેલ છે.

બિલખામાં યુવતીનો ગુમ થયેલ કિંમતી મોબાઈલ અને બેગ પોલીસે શોધી કાઢયા

(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા. ૧૩

બિલખામાં ગત જાન્યુઆરી માસમાં જૈન સંઘ આવ્યો હતો. આ સંઘમાં સેંકડો લોકો દર્શનાર્થે આવ્યા હતાં. આવી જ રીતે અમદાવાદની પ્રિયાબેન પરેશભાઈ શાહ નામની યુવતી આ સંઘનાં દર્શનાર્થે તેમજ સેવાઅર્થે બિલખા આવી હતી. અને સંઘનાં ઉતારામાં રોકાયેલ હતી. એદરમ્યાન આ યુવતીનો મોબાઈલ અને લાલ કલરની બેગ ગુમ થઈ જતાં તેમણે આ અંગેની બિલખા પોલીસ સ્ટેશનમાં લેખીતમાં અરજી આપતા જે તે સમયે બિલખાનાં પીએસઆઈ ચુડાસામાએ બનાવની તપાસ હે.કો. હાર્દિકભાઈ પંડયાને આપી હતી. બાદમાં છેલ્લા બે માસથી પો.કો. હાર્દિકભાઈ પંડયા અને વિરલભાઈ ત્રિવેદી આ મોબાઈલ ચાલુ થાય તેની રાહમાં હતાં. અને એક દિવસ મોબાઈલ ચાલુ થતાની સાથે જ મોબાઈલનું લોકેશન ટ્રેસ કરી લાલ કલરની બેગ સાથે મોબાઈલ અને અન્ય સામાન શોધી કાઢયો હતો. અને મળનાર વ્યકિતએ જણાવેલ કે મને તો હમણા જ આ બેગ મળેલ છે. ચોરી કરેલ નથી. બાદમાં આ સામાન મુળ માલીક એવા પ્રિયાબેનને જાણ કરીને તેમને મોબાઈલ અને બેગ સોંપી આપેલ હતો. પોલીસની સરાહનીય કામગીરીની લોકોમાં પ્રશંસા થઈ રહી છે.

બોર્ડનાં વિદ્યાર્થીઓને માનસીક તાણ વિના પરીક્ષા ભરવા કિશોરભાઈ ચોટલીયા દ્વારા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

હવેગણતરીનાં કલાકોમાં જ વિદ્યાર્થીઓ માટે જીવનનાં મહત્વનાં વર્ષ એવા બોર્ડની પરીક્ષા ચાલુ થવાની છે. મહા ગુજરાત વાલી મંડળનાં મહામંત્રી કિશોરભાઈ ચોટલીયા દ્વારા વિદ્યાર્થીઓને બેસ્ટ ઓફ લક પાઠવી જરાપણ માનસીક તાણ અનુભવ્યા વિના સહજરૂપે પરીક્ષા આપવાનું આહવાન કર્યુ છે. કિશોરભાઈ ચોટલીયાએ વિદાર્થીઓને એક ખાસ શિખામણ આપી છે કે તમો પરીક્ષા આપવા જાવ ત્યારે ઈશ્વરને પ્રાર્થના કરી મા-બાપ, વડીલોનાં આર્શિવાદ લઈ આત્મ વિશ્વાસ સાથે જજો. તમારી મહેનત અને વડીલોનાં આર્શિવાદનાં બળથી સારી સફળતા જરૂર મળશે. ગીતામાં રહયા મુજબ કાર્ય કરો, ફળની ચિંતા છોડો. હાલમાં પેપર પધ્ધતિઓ નવીન આવતી હોય શાળા પ્રિન્સીપાલ અને સુપરવાઈઝર વિદ્યાર્થીઓને સહકાર અને સમજણ આપે તેવી પણ વિનંતી છે. જૂનાગઢ શહેર પંથકનાં તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં સુપરવાઈઝર સ્કવોડ કે બીજા કોઈ વિદ્યાર્થીઓ તરફથી મુશ્કેલી પડે તો (કિશોરભાઈ ચોટલીયા મો. ૯૪૨૬૯૯૫૪૯૫) વર્ગખંડમાં જ મદદ મેળવવા તુરંત સંપર્ક કરવા યાદીમાં જણાવેલ છે.

ગીર સોમનાથમાં પાંચ મહિના પછી કોરોના પોઝીટીવનો પહેલો કેસ સામે આવતા આરોગ્ય વિભાગ દોડતું થયુ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૩

વેરાવળ સોમનાથ સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં વાયરલ ફીવરના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. દરમ્યાન પાંચ મહિના પછી જિલ્લામાં પહેલો કોરોનાનો પોઝીટીવ કેસ સામે આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. જિલ્લામાં સીવીલ હોસ્પીટલ, પીએચસી-સીએચસી આરોગ્ય કેન્દ્રો સહિતની હોસ્પીટલોને તાવ, શરદી સહિતના કેસો ઉપર ખાસ નજર રાખી જિલ્લાકક્ષાએ રિપોર્ટિંગ કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા થોડા દિવસોમાં કોરોનાનો નવો વેરીયન્ટ માથુ ઉંચકી રહ્યો છે જેને લઈ રાજય સરકાર અને આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ છે. દરમ્યાન આજે પાંચ મહિનાના સમયગાળા પછી ગીર-સોમનાથ જિલ્લામાં કોરોના પોઝીટીવનો પહેલો કેસ સામે આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે. જે અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અરૂણ રોયએ જણાવેલ કે, જિલ્લામાં વાયરલ ફીવરના કેસો વધી રહ્યા હોવા ઉપર વિભાગની નજર છે. દરમ્યાન જિલ્લાના પ્રભાસપાટણમાં એક મહિલા કોરોના પોઝીટીવ હોવાનું સામે આવ્યુ છે. હાલ તે હોમ આઈસોલેટ કરી સારવાર આપવામાં આવી રહી છે. આ ઉપરાંત તેના સંપર્કમાં આવેલાનું ટ્રેસીંગ કરવામાં આવી રહ્યુ છે. વધુમાં જિલ્લાની તમામ સરકારી અને ખાનગી હોસ્પીટલો અને આરોગ્ય કેન્દ્રને તાવ, ફીવર, ઉધરસના કેસો ઉપર ખાસ ધ્યાન રાખવા અને તેમાં કોઈ શંકાસ્પદ જણાય તો ટેસ્ટીંગ કરી જિલ્લાકક્ષાએ જાણ કરવા સુચના આપવામાં આવી છે. થોડા દિવસોથી જિલ્લામાં વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં પણ વધારો થઈ રહ્યો હોય જેની ઉપર આરોગ્ય વિભાગ ખાસ ધ્યાન રાખી રહ્યુ છે અને જરૂર પડ્યે ટેસ્ટીંગ વધારવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે.

એકતા ફાઉન્ડેશન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૩

એકતા ફાઉન્ડેશન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. માંગરોળના સમગ્ર મુસ્લિમ ઘાંચી સમાજ હોલ ખાતે એકતા ફાઉન્ડેશન દ્વારા આવનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા અંતર્ગત માર્ગદર્શન અને મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં પરીક્ષા બાબતે સંપૂર્ણ માહિતી રિઝવાન કોતલ દ્વારા આપવામાં આવી હતી અને મોટિવેશનલ સ્પીચ ધવલ સ્કૂલના જાની દ્વારા આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમએમઈડબ્લ્યુ સ્કૂલના આચાર્ય હારૂન જેઠવા, ધવલ ઈન્ટરસ્કૂલના હેડ હાર્દિક, કન્યા વિનય મંદિરના શિક્ષકો કમલેશ, ફારૂક બાંગરા, આઈડીયલ ટ્યુશન કલાસના ઉંમર ફારૂક ગુજરાતી, લાલબાગ શાળાના આદિલ, એક્સ આર્મી કાસમ ખાન, એનબી શેખ સ્કૂલના અલતમ્સ હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એકતા ફાઉન્ડેશન શિક્ષણ સમિતિ અને તમામ સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

મારા ગૌભક્તોના મોબાઈલ આપી દો હું બે હાથ જોડી ને વિનંતી કરૂ છું : અર્જુન આંબલીયા

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૩

ગૌમાતા ને રાષ્ટ્રીય સન્માન આપવા ઘણા વર્ષો થી ગાંધી ચિંધ્યા માર્ગે લડત કરતા ગૌપ્રેમી અર્જુન આંબલીયાએ સરકારને વિનંતી કરી કે મારા ગૌભકતોના મોબાઈલ પરત આપી દો એકોઈ આંતકવાદી નથી. તેઓએ ગૌમાતાને રાષ્ટ્રીય સન્માન આપવા માટે ૬૦૦ વધારે દિવસ દિલ્લી, જંતર મંતર ઉપર ધરણા કર્યા હતા. સરકારો સાથે મિટિંગો બાદ પણ મુદ્દા નો હલ ના થતાં અંતે ઓગાણીશ ગૌભકતોએ જેસરના કરલા ગામે સ્કૂલમાં ઘુસીને આત્મવિલોપનની ચીમકી આપી તે દરમ્યાન ત્યારે ઘણા બધા રાજકીય આગેવાનો ત્યાં દોડી આવ્યા અને એનો મુદ્દો પૂરો કરવા આશ્વાસન આપ્યું અંતે ત્યાંના ભાજપના પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણીએ ગૌભક્તોને લેખિત ખાત્રી આપી કે હું તમારા મુદ્દા નો પ્રસ્તાવ આવતા વિધાનસભા સત્રમાં રજુ કરીશ એટલે સુખદ સમાધાન થયું પણ એમાં બન્યું એવું કે ગૌભક્તો બહાર નીકળ્યા ની સાથે જ એમના ઉપર ગંભીર ગુન્હાઓની કલમો લગાડી તમામ ગૌભક્તોને ૩૧ દિવસ જેલમાં બંધ કરી દેવામાં આવ્યા અને તમામના મોબાઈલ પોલીસ દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યા. ૫ મહિના વીતી ગયા છતાં એમના મોબાઈલ પરત આપવામાં નથી આવ્યા માટે એમના દ્વારા ગૃહ મંત્રીને પત્ર લખી કહેવામાં આવ્યું કે, ગૌભક્તો કોઈ આંતકવાદી નથી બધા સામાન્ય પરિવારમાંથી છે માટે મારી વિનંતી છે કે તપાસ કરવામાં એટલો સમય ના હોય એમના મોબાઈલ પોલીસ પાસેથી પરત અપાવી દો.

ભવનાથ પોલીસ દ્વારા ગુમ થયેલ વ્યકિતને શોધી કઢાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૩

ભવનાથ ટુરિસ્ટ વિસ્તાર હોય આથી અહીં આવતા ટુરિસ્ટોને કોઈ તકલીફ ન પડે તે માટે સખત પેટ્રોલિંગ રાખવા જૂનાગઢ રેન્જના આઈજીપી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢના એસ.પી. રવિ તેજા વાસમ શેટ્ટી તથા જૂનાગઢ ડિવિઝનના ડી.વાય.એસ.પી. હિતેશકુમાર ધાંધલીયાએ સૂચના આપેલ હોય તે અન્વયે ભવનાથ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. મહિપતસિંહ ચુડાસમા સખત પેટ્રોલિંગ ફરી રહેલો હોય દરમ્યાન તારીખ ૮-૩-૨૩ના રોજ ભવનાથ ખાતે ફરવા આવેલ બોબી રાજેશભાઈ દંતાણીયા રહે. અમદાવાદ વાળા રાત્રિના નવેક વાગે અસ્થિર મગજના કારણે ગુમ થઈ ગયેલા હતા. આથી તેમના પરિવારના રણવીર ભાઈએ આ અંગે પોલીસ સ્ટેશનમાં ગુમ અંગેની જાહેરાત આપેલ હતી. જે અનુસંધાને ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા તથા યુસુફભાઈ, અશ્વિનભાઈ, કૌશિકભાઈ, રાજુભાઈ, રોહિતભાઈ વગેરે માણસો આ ગુમ થનારને શોધતા હતા અને અલગ-અલગ ટીમો બનાવી તપાસ કરતા અને ભવનાથ સિવાય જૂનાગઢ સીટી તરફ પણ આ અંગેની તપાસ લંબાવવામાં આવેલ અને પેટ્રોલિંગ દરમ્યાન ઝાંઝરડા ચોકડી ખાતેથી આ ગુમ થયેલ વ્યકિત તા.૧૧-૩-૨૩ ના રોજ એટલે કે ગુમ થયાના ચાર દિવસ બાદ મળી આવતા તેને ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે લાવી તેના વાલીને અમદાવાદ જાણ કરી અત્રે બોલાવી પરત સોંપી આપેલ છે. આ બોબીના પરિવારએ ભવનાથ પોલીસનો આભાર માનેલ ફરી એક વખત ભવનાથ પોલીસ પ્રજાનો મિત્ર છે એ સાબિત કરેલ છે.

કોડીનાર તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ભેદી ધડાકા સાથે ધરા ધ્રુજતા લોકો ભયભીત

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર તા.૧૩

કોડીનાર શહેર સહિત ગીર બોર્ડરનાં ઘાંટવડ, છાછર, ગોવિંદપુર ભંડારીયા, કરેડા , અરેઠીયા જામવાળા, વલાદર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બપોરે ૪ કલાક અને ૫૫ મિનિટે ભેદી ધડાકા સાથે ભૂકંપના ઝટકા આવતા લોકો ભયભીત બની ઘર બહાર નીકળી ગયા હતા. વિગત જોઈએ બપોરે ૪ કલાક અને ૫૫ મિનિટે ભેદી ધડાકા સાથે ધરા ધ્રુજતા અને આ ભૂકંપ ૨.૯ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો અને જેનું કેન્દ્ર બિંદુ ગીર જંગલવિસ્તારમાં મધ્ય ગીર હોવાનું અનુમાન જાણવા મળે છે.

અકસ્માતમાં ધંધુસરનાં યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

ધંધુસર ગામનાં રહેવાસી પ્રવિણભાઈ વેજાભાઈ મુળાસીયાએ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે મોટર સાયકલ નં. જીજે-૧૧-બીજી ૮૭૮૪નાં ચાલકે આ કામનાં ફરીયાદીનાં કાકાનાં દિકરા વજશી ઉર્ફે વિપુલ તેની મોટર સાયકલ નં. જીજે-૧૧-સીબી ૯૬૯૬ લઈને બાલોટથી ધંધુસર તરફ આવતા હતા તેવામાં બાલોટથી થોડે આગળ ધંધુસર તરફ આવતા સામેથી એક મોટર સાયકલ નં. જીજે-૧૧-બીજી ૮૭૮૪નાં ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીનાં કાકાનાં દિકરા વજશી ઉર્ફે વિપુલની મોટર સાયકલમાં ભટકાવી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતાં વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાંથી વિવિધ બ્રાન્ડનો દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

દોલતપરા રીલાયન્સ પેટ્રોલ પંપનાં સામેનાં ભાગે એડીવીઝન પોલીસે રેડ કરતાં કર નં. જીજે-૧૮-એએ ૩૨૯૪માંથી વિવિધ ઈંગ્લીશ દારૂની બોટલ સહિત કુલ રૂા. ૨,૯૧,૭૬૦નો મુદામાલ ઝડપી પાડેલછે. જયારે નાશી જનાર ધર્મેન્દ્ર ઉર્ફે રઘો રતીલાલ ચગની ઝડપી લેવા ચક્રો ગતિમાન કરેલ છે.

જૂનાગઢ તાલુકાનાં પાંચ ગામમાં ૩ પ્રકારનાં કાર્ડનો કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૩

જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમનાં જન્મદિવસની ઉજવણી પ્રજાની સેવાકીય પ્રવૃતિથી કરશે. આ અંગે મુકુંદભાઈ હીરપરાએ જણાવ્યું હતું કે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનો ૧૪ માર્ચનાં જન્મદિવસ હોય પાંચ ગામોમાં ૩ પ્રકારનાં કાર્ડ કાઢી આપવાનો કેમ્પ કરી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૧૪ માર્ચ મંગળવારે દરેક સ્થળે (પાંચ ગામોમાં) સવારે ૧૦ વાગ્યે યોજાનાર આ કેમ્પમાં આધારકાર્ડ, ઈ-શ્રમ કાર્ડ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ કાઢી આપવામાં આવશે. આ કેમ્પ આંબલીયા ગામે ગ્રામ પંચાયત કચેરી ખાતે, ગોલાધર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે, ઝાલણસર ગામે બાભરોટીયા પરીવારનાં મઢ ખાતે, જૂનાગઢમાં ઝાંઝરડા રોડ સ્થિત યુફો કાર્યાલય ખાતે તેમજ દોલતપરા ખાતે નિલેશભાઈ પીઠીયાની ઓફીસ કેશ ડેવલોપર્સ, કો.કો. બેંકની સામે યોજાશે. ત્યારે કાર્ડ કઢાવવા ઈચ્છુક અરજદારે જરૂરી ડોકયુમેન્ટ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

નામ બદલાવેલ

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભગીરથકુમાર વાસુદેવભાઈ નિમાવત** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **નિમાવત ભગીરથ વાસુદેવભાઈ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

ભગીરથ વાસુદેવભાઈ નિમાવત

ગુરૂકુળ રોડ, સરદાર પાર્ક સોસાયટી, વિસાવદર

જૂનાગઢ. ૩૬૨૧૩૦

મેરે.. દેશ કી ધરતી સોના.. ઉગલે ઉગલે હીરે મોતી... મેરે દેશ કી ધરતી

પ્રાકૃતિક ખેતી એક મિશનનાં જન આંદોલનની જૂનાગઢમાં ઘોષણા કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

૧૫મી ઓગસ્ટ સુધીમાં ગુજરાતનાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી અભિયાન સાથે જોડાઈ જશે : ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આર્શિવાદ અને રાજ્યપાલ દેવવ્રતજીનાં પ્રયાસો થકી ખેતી ક્ષેત્રે સર્જાશે 'પ્રાકૃતિક ખેતી'ની સોનેરી ક્રાંતિ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

પ્રકૃતિનો નિયમ છે 'પરીવર્તન અને પુનરાવર્તન' આ બે સેન્ટેન્સ વચ્ચે સમગ્ર સૃષ્ટીની ગતીવિધી સમાયેલી છે. અને માનવ જીવન એનો પ્રત્યક્ષદર્શી સાક્ષી બનેલ છે. આવી જ ઘટના ગુજરાતમાંપણ બની રહી છે. આ ઘટનામાં આગામી સમયમાં સમગ્ર દેશમાં બનવા જઈ રહી હોવાનો અહેસાસ થઈ રહયો છે. ગુજરાતની જનતા અને ત્યારબાદ દેશની જનતામાં આગામી ચોમાસાની ઋતુમાં ખેતીક્ષેત્રે પુનરાવર્તન ગણો કે પરીવર્તનાનો આવિષ્કાર થવાનો છે. અને જેનાં આનંદાયક સમાચાર મળતાં અંતરમાં આનંદનાં ફુવારા ઉઠયા છે. ગઈકાલે જૂનાગઢ ખાતે આવેલા કૃષિ યુનિવર્સીટીનાં ઓડીટોરીયમ હોલમાં ગુજરાત રાજયનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેતીક્ષેત્રનાં આવનારા ભવિષ્યનું સોનેરી વિઝનની એક ઘોષણા કરી હતી. આગામી ઓગસ્ટ માસ સુધીમાં ગુજરાતનો પ્રત્યેક ખેડુત પ્રાકૃતિક ખેતીનાં પક્ષમાં રહી અને પ્રાકૃતિક ખેતીનાં અભિયાન સાથે જોડાઈ જવાનો છે. આ જાહેરાત, ઘોષણાને ઉપસ્થિત લોકોએ તાલીઓનાં ગડગડાટથી વધાવી લીધી હતી.

જૂનાગઢ જીલ્લામાં પાછલા સમયગાળામાં પ્રાકૃતિકખેતીમાટેનું સંત, કૃષિ, ઋષિ, પદયાત્રાનું એક અભિયાન જોરશોરથી ચલાવવામાં આવી રહયું છે. ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દિલથી એવું ઈચ્છે છે કે આપણો ભારત દેશ કે જે ખેતી પ્રધાન દેશ છે તે પ્રાકૃતિક ખેતી તરફ વળે મીન્સ કે ઓર્ગેનીક કૃષિ એ મુખ્ય લક્ષ્યાંક છે. આ લક્ષ્યાંકને સિધ્ધ કરી રહયા છે ગુજરાતનાં માનનીય



રાજયપાલશ્રીઆચાર્ય દેવવ્રતજી જેઓનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી આધારીત અભિયાન

જોરશોરથી ચલાવવામાં આવ્યું છે. ઋષિ સંસ્કૃતિની પરંપરા અનુસાર ગૌ આધારીત પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત એક પદયાત્રા જૂનાગઢ જીલ્લાનાં વિવિધ વિસ્તારોમાં ફરી હતી. અનેજગતનાં તાત એવા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા બાબતે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. પ્રાકૃતિક ખેતી કરવાથી ધરતી માતાની ઉત્પાદન ક્ષમતા વધે, સારૂ ઉત્પાદન થાય તો ખેડૂતની આવકમાં વધારો થાય કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિ સર્જાય અને પ્રાકૃતિક ખેતી અંતર્ગત ઉત્પાદનને કારણે લોકોને સ્વસ્થ અનેનિરોગીઆરોગ્ય પ્રાપ્તથાય તેસહિતનાં મળતાફાયદાઓથી માહીતીગાર કરવામાં આવ્યા હતાં. આજે અનેક વિસ્તારોમાં રહેલા જગતનાં તાત એવા

ગુજરાત અને ભારતનાં કિશાનો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. જે આવનારા કૃષિનાં ગોલ્ડન સમય માટેનો શુભ સંકેત છે. પ્રાકૃતિક ખેતી માટેનું અભિયાન જન આંદોલનમાં ફેરવાઈ અને ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી બની રહે તે માટેનાં ક્રાંતિકારી અભિયાનનો ગઈકાલે જૂનાગઢનાં આંગણે પાયો નંખાયો હતો. અને આગામી સમયમાં ગુજરાતમાં લોકોનાં આરોગ્ય, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણને બચાવવાનાં આ અભિયાન જન આંદોલનમાં ફેરવાશે. ગઈકાલે કૃષિ યુનિવર્સીટીનાં ઓડીટોરીયમ હોલ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનાંપ્રેરણાસ્ત્રોત એવા ગુજરાતનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી ખાસ ઉપસ્થિત રહયા હતાં. તેઓશ્રીએકૃષિ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અને આગામી સમયમાં ખેતીક્ષેત્રની શું હાલ થાય તે અંગેની ચિંતા વ્યકત કરી હતી. આ સાથે જ આવનારા સમયમાં ગુજરાત અને દેશભરમાં ખેતીક્ષેત્રે ક્રાંતિ થવા માટેનાં જન આંદોલન કરી ગુજરાતને રોલ મોડેલ બનાવવાનો મકકમ નિર્ધાર વ્યકત કરી દેશભરમાં પ્રાકૃતિક ખેતીનું ઉજજળ ભવિષ્ય માટેનો સંકલ્પ વ્યકત કર્યો હતો. ગુજરાતનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વધુમાં જણાવ્યું હતું કેતાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે તેઓશ્રીની લાંબી બેઠક યોજાઈ હતી. ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અંતરની ઈચ્છા છે કે ભારતનાં ખેડૂતો સમૃધ્ધ બને અને સાથે જ પ્રાકૃતિક ખેતી કરતાં થાય અને એટલા માટે જ જૂનાગઢ અને ગુજરાતમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીનાં અભિયાનને વેગવંતુ બનાવવા અને ગુજરાતનેરોલ મોડેલ બનાવવા પ્રાકૃતિક ખેતીનાં આ અભિયાનને જન આંદોલનમાં ફેરવવાનાં આર્શીવાદ આપ્યા છે ત્યારે જૂનાગઢની આ ભૂમિ ઉપર ગઈકાલે પ્રાકૃતિક ખેતી માટેનાં જન આદોલનનો પાયો નંખાયો છે. અને આગામી દિવસોમાં 'મિશન ઓર્ગેનીક ફાર્મ'ની ગુંજ સમગ્ર દેશમાં ગુંજી ઉઠે તેવો નિર્ધાર વ્યકત કરાયો છે.

ગઈકાલે કૃષિ યુનિવર્સટીનાં ઓડીટોરીયમ હોલ ખાતે યોજાયેલા કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળાનાં કાર્યક્રમમાં 'જય ગૌ માતા' નો નાદ ગુંજી ઉઠયો હતો. આ સાથે જ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી કરવાથી મળતા ફાયદા અંગે પોતાનાં અનુભવ વ્યકત કર્યા હતાં. આ આર્ટીકલની શરૂઆતમાં જ લખ્યું છે કે પ્રકૃતિનોનિયમ છે કે 'પરીવર્તન અને પુનરાવર્તન' આ નિયમ મુજબની જ ઘટનાં ગુજરાત અને સમગ્ર દેશમાં બનવા જઈ રહી છે અને એ છે પ્રાકૃતિક ખેતીનાં ક્રાંતિકારી જોડાણ અને આગામી દિવસોમાં આ અભિયાન એક જન આંદોલન બનવાનું છે. તેમનું લક્ષ્યાંક એક જ છે કે 'મિશન ટુ ઓર્ગેનીક ફાર્મ' અને તેનાં માટેનાં જન આંદોલનને સફળ બનાવવાની ફરજ જગતનાં તાતની તેમજ આપણા સૌની છે. આ અભિયાનની જવલંત સિધ્ધિ સાથે ભારતમાં પ્રાકૃતિક ખેતીનાં સોનેરી ભવિષ્યનાં દિવસો હવે દૂર નથી તે સાથે જ જૂનાગઢ અને ગુજરાતનાં એક નિર્ણાયક ભૂમિકામાં મહત્વનું યોગદાન આપનાર છે. ત્યારે આ બાબત આપણા સૌને માટે ગૌરવની બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે યાત્રીક યુગ અને રાસાયણીક યુગની શરૂઆત થઈ તે પહેલા જૂનાગઢ, ગુજરાત અને સમગ્ર ભારત વર્ષ 'પ્રાકૃતિક ખેતી' જ કરતો હતો. આવી સદી પહેલાનાં કૃષિ ક્ષેત્ર ઉપર નજર નાખીએતો ગાય માતાનું પૂજન, બળદ ગાડાની ઘુંઘરીનોરણકાર, કુવામાંથી કોષ દ્વારા પાણી ખેંચવું, ઓરણી દ્વારા વાવણી કરવી જેવા ખેતીની અનેકવિધ



કામગીરી થતી હતી. અને 'ઉપકાર' ફિલ્મનું અત્યંત લોકપ્રિય બનેલ ગીત ઘરે ઘરે ગુંજતું હતું. 'મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી મેરેદેશકી ધરતી'. આઓર્ગેનીક કૃષિનું ભૂતકાળનું એક સુંદર મજાનું ચિત્ર છે. આજે 'પ્રાકૃતિક ખેતી'ને અપનાવવાનો સમય ફરીએકવાર પાકી ગયો છે. અને ઈતિહાસનુંપુનરાવર્તન એટલે કે પ્રાકૃતિક ખેતીનાં અભિયાન થકી ગુજરાત અને દેશભરમાં ખેતીક્ષેત્રે ક્રાંતિ થવાની છે. અને જેનાં ભાગરૂપે આગામી ૧૫મી ઓગસ્ટ સુધીમાંસમગ્ર ગુજરાતમાં પ્રત્યેક ખેડૂત પ્રાકૃતિક ખેતી અભિયાનમાં જોડાઈ તેવો સંકલ્પ ગઈકાલે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વ્યકત કર્યો છે. ત્યારે ઓડીટોરીયમ હોલ તાલીઓનાં ગડગડાટથી ગુંજી ઉઠયો હતો. સમગ્ર દેશનું કૃષિ ચિત્રનાં 'પરીવર્તન' એટલે કે 'પ્રાકૃતિક ખેતીમય' ભારત બનવા જઈ રહયું છે. ત્યારે ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ પ્રાકૃતિક ખેતી અભિયાન સાથે જોડાઈ રહેલા સર્વે સંતો, ખેડૂતો તેમજ જાગૃતિ ફેલાવનારા વિવિધ ક્ષેત્રનાં અનુભવી માર્ગદર્શકો સહુ કોઈ ધન્યવાદને પાત્ર છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
જગદીશ ડી. નાયેક
સીનીયર સબ એડીટર

જુનાગઢના વીલીંગ્ડન ડેમ ખાતે વનરાજ

જુનાગઢ શહેરનાં વીલીંગ્ડન ડેમ ખાતે જંગલનો રાજા સિંહ એ ગઈકાલે દેખા દેખી હતી. ડેમના શીતળજળની ઠંડકની મોજ વનરાજે માણી હતી અને ડેમના કિનારે લટાર માણી હતી તસ્વીરઃ અમાર બખાઈ

જૂનાગઢ તાલુકાનાં સરગવાડા ગામની સીમમાં બે ભાઈઓ ઉપર હુમલો : ત્રણ રાઉન્ડ ફાયરીંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢનાં સરગવાડા ગામે ખેતીની જમીન ધરાવતા ધોરાજીનાં બે ભાઈઓ ઉપર બે શખ્સોએ બંદુકમાંથી ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરીને હત્યા કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. હુમલાખોર બંને શખ્સો છેલ્લા પાંચ વર્ષથી ખેડુતોની જમીન પચાવી પાડવા ખંડણી માંગી ધમકાવતા હોવાનું ફરીયાદમાં જણાવાયું છે.

આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર શંભુભાઈ કરમશીભાઈ ચોવટીયા (ઉ.વ.૫૮) રહે. ધોરાજીવાળાએ જીતુભાઈ નારૂભાઈ બઢ અને જયદીપભાઈ નારૂભાઈ બઢ રહે. બંને સરગવાડા વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે આ કામનાં ફરીયાદીની માલીકીની જમીન સરગવાડા ગામે આવેલ હોય અને ફરીયાદી તે જમીનમાં ખેતી કરતા હોય અને આ કામનાં આરોપીઓ તે જમીન ઉપર કબ્જો કરવા માંગતા હોય તેમજ ખંડણીનાં પૈસા પડાવવા માંતા હોય અને આ કામના ફરીયાદી તેમજ સાહેદ પોતાની ઉપરોકત માલીકીની વાડીએ તા.૧૧-૩-૨૩નાંરોજ ૧૯વાગ્યાનાં અરસામાંકામકાજ પુરૂ કરીઘરેજતા હતાં. દરમ્યાન આ કામનાં બંને આરોપીઓ લાકડીઓ તથા અગ્નીશસ્ત્ર હથીયાર સાથે રાખી ફરીયાદીની માલીકીની જમીનમાં ગુનો કરવાનાં ઈરાદે ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને ભુંડી ગાળો આપી આ જમીન ઉપર નહી આવવાની ધમકી આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીને મારી નાખવાનાં ઈરાદે લાકડી વડે માથામાં જીવલેણ લોહીયાળ ઈજાઓ કરી તેમજ ડાબા હાથનાં પંજામાં ફેકચરની ઈજા કરી તેમજ ફરીયાદીને બંને પગમાં મુંઢ ઈજાઓ કરી તેમજ શરીરે લાકડી વડે આડેધડ મુંઢ માર મારી તેમજ સાહેદ છોડાવવા આવતા સાહેદને પણ મારી નાખવાનાં ઈરાદે આરોપી નં. ૨ પાસે રહેલ અગ્નીશસ્ત્ર બંદુકથી સાહેદ ઉપર બે થી ત્રણ રાઉન્ડ ફાયર કર્યા બાદ બંનેઆરોપીઓએ સાહેદને લાકડીઓ વડે શરીરે માર મારી જમણા હાથથી આંગળીમાં લોહીયાળ ઈજા કરી તથા ડાબા હાથની આંગળીઓમાં ઈજાઓ કરી માર મારી ફરીયાદી તથા સાહેદને ગંભીર ઈજાઓ કરી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

મકાન વેચવાના છે

(૧) માંગનાથ રાધે કોમ્પ્લેક્ષ-૨ માળી 2BHK વેચવાનો છે
(૨) સુન્ની બોરવાળા ભાટીયા ધર્મશાળા રોડ, ૧૨૨ વાર મકાન ૭ રૂમ વાળું
(૩) ખ્વાઝાનગર ગરીબ નવાઝ મસ્જીદ પાસે, 2BHK
(૪) કલ્યાણનગર સોસાયટી, બહાઉદ્દીન કોલેજ સામે, ૫ રૂમ વાળુ મકાન

સંપર્ક : ૯૧૭૩૭ ૨૩૧૩૨

જગ્યા વેચવાની છે

તળાવ દરવાજા પાસે, રેલ્વે ક્રોસીંગ
૧ માળે, સહયોગ ચેમ્બર સામે,
જૂનાગઢ-૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

ઉંઝ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નેસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ધમાકા ઓફર

મકાન લેનાર પાર્ટી પાસેથી દલાલીનો ચાર્જ લેવામાં આવશે નહી.
જૂનાગઢમાં કોઈપણ વિસ્તારમાં જમીન, મકાન, દુકાન, પ્લોટ લેવા - વેચવા માટે સંપર્ક કરો
મો. ૯૧૭૩૭ ૨૩૧૩૨